


# અધ્યાત્મ

વર્ષ : ૧૦ માર્ચ-૧૯૮૯ અંક :

## * સદ્ભાવભરી ભેટ *

અધ્યાત્મ માટે સદ્ભાવભરી ભેટની સરિતા અસ્ખલિત વહ્યાં કરે છે, તેની પાછળ પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની દિવ્ય શક્તિઓ કામ કરી રહી છે, એવું અમે સતત અનુભવીએ છીએ. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છે.

રૂ.

૨૫ શ્રી વનમાળીદાસ આણંદજી, પાલીતાણા.

૧૦૦ શ્રીમતી કૈલાસબેન વિનોદભાઈ જોષી, વડોદરા.

૧૧ શ્રી બાલમુકુન્દભાઈ શ્રોફ–મોરબી.

૫૧ શ્રી ચંપકલાલ પી. શાહ–વડોદરા, ચિ. મયુરના લગ્ન નિમિત્તે.

૧૦૧ શ્રી ઇશ્વરલાલ મગનલાલ ડોડિયા, વડોદરા પુત્રના લગ્ન નિમિત્તે.

૧૦૧ દીનાબેન અશોકભાઇ પટેલ–સુરત. એપેન્ડીસનો દુઃખાવો સારો થવાથી.

૧૦૧ શ્રી રમેશભાઇ નરસીભાઇ ભક્ત–કપૂરા પૌત્ર પાર્થના જન્મ નિમિત્તે.

૫૧ શ્રી રાજેન્દ્રભાઈ અધ્વર્યુ, સુરત-મોટી દુકાન થતાં.

૨૧ શ્રી કાન્તિલાલ ભીમજીભાઇ પરીખ-વડોદરા.

૫૧ શ્રી માધવભાઈ જાદવભાઇ પટેલ–વડોદરા.

૧૧ શ્રી હેમાબેન ઠાકોરલાલ પટેલ-વડોદરા.

૧૦ શ્રી ધીરૂભાઈ શાહ–મુંબઈ.

૧૯ શ્રી ઠાકોરભાઇ દેસાઈ–સુરત.

૨૧ પ્રવિણાબેન કે. વૈષ્ણવ.

૨૫ શ્રી કે. એમ. ભટ્ટ તરફથી, ભાઇ દિનેશનું વેવિશાળ થતાં.

૫૦ શ્રી રામદાન ના. મીસણ–મોરબી.



પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી તથા મા શ્રીસર્વેશ્વરી

[ અમદાવાદના સત્યપથમાંથી માર્ચ, ૧૯૮૪માં પ્રકાશિત થયેલ તસ્વીર ]

## * યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના *

સાથી બનજો યોગેશ્વર પરમાત્મા,
સર્વ દેવ-દેવી અનુકૂળતા આપજો.
યોગેશ્વર પ્રભુ સઘળા સંકટ કાપજો,
જીવનની મંગલ યાત્રામાં પધારજો.
સુખ શાંતિ સંતોષની મૂડી વધારજો,
નીદ્રા, આળસ ક્રોધ ને થાક હઠાવજો.
સંસારી બંધનને સહેજે ભુલાવજો,
ગૃહસ્થીઓને સજ્જન સાચા બનાવજો.
ઉદારતા વળી પવિત્રતાને વધારજો,
પરમાનંદે સૌને મગ્ન બનાવજો.
સૌને આપના શ્રી ચરણમાં રાખજો,
હરીના સ્મરણે સૌને મસ્ત બનાવજો.
જીવનયાત્રા પૂર્ણ પણે શણગારજો,
સર્વેશ્વરીની વિનંતી પ્રેમે સ્વીકારજો.
જીવનયાત્રા સૌની સફળ બનાવજો.

—મા સર્વેશ્વરી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૧૦ અંક : ૬ છૂટક નકલ ૨-૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૯૮ બી. સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૬૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બારડીગેટ ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવા.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## ✻ અનુક્રમણિકા ✻


| | | |
|---|---|---|
| શ્રીયોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| સાક્ષાત્કારી સંત શ્રીયોગેશ્વરજી | નારાયણ હ. જાની | ૭ |
| પૂ. શ્રી મોટાના પ્રેરક પ્રસંગો | કાંતિલાલ જ. પટેલ | ૧૪ |
| શ્રી યોગેશ્વરજીનો અમર સંદેશ | શ્રીયોગેશ્વરજી | ૧૮ |
| દિશા–વંદન | ભગવાન બુદ્ધ | ૨૦ |
| માતૃભક્ત શ્રી રંગઅવધૂત | અમૃતલાલ મોદી | ૨૫ |
| શ્રી રામકૃષ્ણ કથામૃત | શ્રી માસ્ટર મહાશય | ૨૯ |
| સંત શ્રી તેજાનંદ સ્વામી | માણેકલાલ શં. રાણા | ૩૪ |
| ઘર જાના | ડૉ. રણજિત પટેલ | ૪૦ |
| આ દિવસો પણ ચાલ્યા જશે | ભાઇલાલભાઇ છાટબાર | ૪૧ |
| મા શ્રી શ્રી શારદા | સ્વામી ગંભીરાનંદ | ૪૭ |
| સંત દર્શન | પંડિત જગન્નાથ પ્રભાશંકર | ૫૮ |
| રામ કથા | શ્રીયોગેશ્વરજી | ૬૩ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૦ માર્ચ–૧૯૮૯ અંક : ૬


## શ્રી યોગેશ્વર કથામૃત

ભાદરવા સુદ બીજ ૨૦૩૬ તા. ૧૧-૯-૧૯૮૦ ગુરૂવાર.

સ્થળ:–સરદારનગર, ભાવનગર.

આજે રાત્રે ચાર થી પાંચ વાર સેવાનો લાભ મળ્યો. સવારે માતાજીને સ્નાન કરાવતાં જ નવ થઇ ગયા. આજે દર્શન માટે અમદાવાદથી આવેલાં રંજનબેન, કુસુમબેન, બાબુભાઇ પણ સમયસર આવી ગયાં. શ્રી જીતુભાઇ પણ વડોદરાથી આવ્યા છે.

બરાબર નવ વાગ્યે મેં દ્વાર ખોલ્યું. સૌને બહાર લોબીમાં બેસાડ્યા. માતાજીને દૂધ આપી પૂ. શ્રી પણ બહાર આવ્યા. સૌ પ્રણામ કરે છે.

પૂ. શ્રીએ પોતાની ટેવ મુજબ માતાજીની વિગતવાર વાતો કરી. સર્વેશ્વરીની સેવાની પ્રશંસાત્મક વાતો કરે છે. બીજી પણ અન્ય વાતો થઇ. માતાજી જાગ્યા એટલે સામે સૌ નારણભાઇ સહિત અંદર ગયાં. માતાજીને સૌ મળે છે.

આજે ગુરૂવાર જેથી ૧૦ વાગ્યે સાઇબાબાની સ્તુતિ બોલીએ છીએ. ત્યાર બાદ થોડી વાર પૂ. શ્રી જીતુભાઈ સાથે

વાતો કરે છે. થોડો આરામ કરે છે. વળી ઉઠે છે, માતાજી પાસે આવે છે. ડોકટર આવીને ગયા પછી પૂ. શ્રી માતાજીને વળી કંઇક પીવડાવે છે.

આજે ભોજનમાં જીતુભાઇ ગાંધી પણ બેઠા છે. ભોજન કરતાં કરતાં પૂ. શ્રી કહે છે. મહાત્માઓએ તો કુલર અને હીટર જેવા રહેવું પડે. હીટર બનીને લોકોના રાગદ્વેષ, મનનાં તાપ બાળવા પડે છે, તે તો ચપટી વગાડતામાં દૂર કરી શકાય.

આજે માતાજીને લોહી ટેસ્ટ કરવાનું હોવાથી પૂ. શ્રી ભોજન કરતાં કરતાં ઉઠી જાય છે. લોહી લેવડાવે છે. પછી આરામ કરે છે. સાથે મેગ્નેટીક સારવાર પણ લેતાં લેતાં થોડી ઊંઘ લઈ લે છે. વચ્ચે વચ્ચે માતાજી બૂમ પાડે છે જેથી પૂ. શ્રી ઉભા થઇ એમની પાસે જાય છે.

આજે સવારે પૂ. શ્રીએ કહ્યુ કે "રાતે માતાજી કહેતાં હતાં કે સાથે રહે તે સેવા કરે એમાં શું ? પછી વળી કહે સેવા કરે તો સુખી થશે, આશીર્વાદ મળશે." આ શબ્દો માતાજીના મુખમાં ઈશ્વરે મૂકયા. પૂ. માતાજી આ શબ્દો બોલે ત્યારે સહેજે આનંદ થાય.

સાંજે સાડા પાંચ વાગ્યે બાબુભાઇ, જીતુભાઇ, રંજનબેન, કુસુમબેન વિ. આવીને બેઠાં છે. માતાજી ઊંઘે છે, જેથી પૂ. શ્રી બહાર આવે છે.

વાત નીકળતાં પૂ. શ્રી પોતે જ એક નાનકડુ વ્યકતવ્ય આપે છે:-

"જુઓ, કુદરતની કળા કેવી છે ? માંદગી વખતે સગાંઓ પણ ચોવીસ કલાક સેવા કરી શકતાં નથી. જીવ એમ માને કે મારે જરૂર નથી, મારે જરૂર નથી. તો કુદરત કહે છે જો તારે જ જરૂર પડશે, જો જે."



તો માતાજીની માંદગીમાં એમનાં સગાંઓ પણ આવીને ગયાં તો હવે માતાજીની સ્થિતિ એવી છે કે આધ્યાત્મિક ઇતિહાસમાં સંતોએ ઈશ્વરદર્શન કર્યાં છે. કોઈ કે વારંવાર પણ કર્યાં છે. પણ ઈશ્વર સાથે સતત અનુસંધાન અને વળી એમાંયે જે શક્તિની ઉપાસના, દર્શન તેનું સ્થૂલ શરીરે અવતરણ કરવું એવી તો વિશ્વમાં કોઇની ભૂમિકા નથી. તે ભૂમિકા મળી છે. સ્થૂળરૂપે અવતરેલી એ શક્તિ તે આ-(સર્વેશ્વરી તરફ) એને ઓળખશે તે ધન્ય બની જશે."

દેવપ્રયાગવાળા શ્રી ચક્રધર જોશીના મામા શ્રી રામાશ્રય પંડિતનું એક વાકય મને યાદ આવે છે. વરસો ઉપર તેમણે મને કહેલું, "તમે આધ્યાત્મિક માર્ગે ઘણાં આગળ વધશો. હજારો ભકતો થશે. ઘણાં શ્રદ્ધાભક્તિ રાખશે અને તમારી મોટી ઉંમરે એક બેન તમારી સેવામાં આવશે, જે ખૂબ શ્રદ્ધાથી તમને છેવટ સુધી વળગી રહેશે. એ વાકય મુજબ આ વાત આજે સાચી પડી છે."

આજે સંતરાનો રસ માતાજીને આપ્યો, ભાવ્યો, એટલે મેં કહ્યું કે સંતરા ને મોસંબીનો મીકસ રસનો હવે માતાજીને સ્વાદ ચખાડીએ. પૂ. શ્રી કહે, "ના, ના મીકસમાં જ તો બધું બગડે છે, શુદ્ધ બ્રહ્મ જ સારું, મીકસ હોય ત્યાં બધું જ બગડી જાય. જગત પણ મીકસ થાય એટલે બગડી જાય." વગેરે કહી હસાવ્યા.

થોડો સમય નારાયણભાઈને ત્યાં પૂ. શ્રીની આજ્ઞાથી જવાનું બન્યું. ત્યાં ચોવીસ કલાક કોઈની-મદદ સેવા જોઇએ. ધારો કે ભાવનગરવાળા કે અમદાવાદવાળા સેવામાં રહે પણ

તે ક્યાં સુધી? દરેકને પોતાનાં કામો હોય ને એ તો કોઈ ડીવોટેડ (સમર્પિત) અને મનમળેલા હોય તેની જ સેવા ફાવે પણ ખરી. કુદરતની કેવી કળા! હવે ઓનડ્યુટી મને જેમ હોસ્પિટલમાં જરૂર પડી તેવી હવે માતાજીને જરૂર પડી."

માતાજી મને ઘણીવાર કહેતાં, "મારે તો કોઈની સેવાની જરૂર નથી. તમારે સેવાની જરૂર હશે એટલે કોઇકને રાખો. તો હું કહેતો, "મારે સેવાની જરૂર નથી, પણ કોઇ શાંતિ માટે આપણી સાથે રહેવા આવે છે. એના સંસ્કારો હોય, ભૂમિકા હોય તો આવે અને રહે અને પછી સેવાની જરૂર હોય તો સેવા કરે એ જુદી વાત." અહીં આવ્યા ત્યાં સુધી માતાજીનાં મનમાં મારે કોઇની સેવાની જરૂર નથી એમ ચાલ્યા કરતું. હવે તખતો બદલાયો છે."

સાત વાગ્યે સત્સંગની બેઠક શરૂ થઈ. પૂ. શ્રીએ આજે સાઇબાબાના દર્શનની વાતો કરી.

સત્સંગ પછી નારાયણભાઈ સાથે આજે ગુરૂવાર હોવાથી શીરો અને વેફરનો નાસ્તો કર્યો.

શ્રી નારાયણભાઈને નાસ્તા પછી પૂ. શ્રી વાતો કરે છે. નારાયણભાઇ, સરસ્વતીબેન, એમના બંને દીકરા, પુત્રવધૂ, પૌત્રી વિ. સાથે મણીભાઈ, નાનુભાઇ, જીતુભાઇ, વિજય, કુસુમબેન, રંજનબેન વિ. સૌ બેઠાં. સત્સંગની વાતો કરી.

આવીને ડાયરી લેખન કરી હવે આરામ. હરિ : ૐ.

—✻—



# સાક્ષાત્કારી સંત શ્રી યોગેશ્વરજી

નારાયણ હ. જાની

"મેં પ્રભુના શબ્દ સ્પર્શ તેમજ પ્રત્યક્ષ સ્વરૂપદર્શનનો અનુભવ કર્યો છે." એવી નિર્ભીક ઘોષણા કરનાર મહાન સંત શ્રી યોગેશ્વરજીનો જન્મ ધોળકા તાલુકાના સરોડા ગામે ૧૫. ઓગસ્ટ ૧૯૨૧ના રોજ બ્રાહ્મણ કુટુમ્બમાં થયો. સરોડા ગામ સાબરમતીના કાંઠે આવેલું છે.

માતાનું નામ જડાવબેન. પાછળથી પૂ. શ્રી એમને જ્યોતિર્મયી કહેતા. પિતાનું નામ મણીલાલ ભટ્ટ. જન્મ પછીનું તેઓનું પોતાનું નામ ભાઇલાલભાઇ. પિતાનો વ્યવસાય ખેતીનો.

તેઓની માત્ર નવ વર્ષની ઉમ્મરે પિતાનું અકાળે અવસાન થવાથી, સમગ્ર પરિવાર ગરીબાઇમાં ધકેલાઇ ગયો. તે સમયે કુટુમ્બમાં ચાર સભ્યો હતાં. પૂ. માતાજી, પુત્ર ભાઈલાલ, પુત્રી તારા અને માતાજીનાં સાસુ.

પિતાના અવસાન પછી આ નાના ભાઇલાલને ભણાવવાનો પ્રશ્ન ઉભો થયો. માતાજીના મોટાભાઇ રમતાશંકર મુંબઇમાં ચોપાટી પર એક શેઠને ત્યાં રસોઈની નોકરી કરતા. તેમની બાજુમાં જ અનાથ વિદ્યાર્થીઓનો આશ્રમ હતો. માતા કે પિતા વિનાનાં બાળકોને તેમાં પ્રવેશ મળતો. તેમને પણ આ ઓરફનેજમાં પ્રવેશ મળી ગયો.

સરોડા જેવા પછાત ગામમાંથી મુંબઇ ભણવા જવું એ તે જમાનામાં માણસોને લંડન જવા જેવું લાગતું. તે વખતે કેળવણીનો ખાસ પ્રચાર ન હતો.

આ આશ્રમનું નામ ધી લેડી નોર્થકોટ હિંદુ ઓરફનેજ હતું. સંસ્થાનું પોતાનું વિશાળ મકાન હતું. અને આસ-

પાસનું વાતાવરણ શાંતિપૂર્ણ ને ઝાડપાનથી સૌંદર્ય સભર હતું. અહીંથી થોડેજ છેટે ચોપાટીનો દરિયા કિનારો હતો.

આ સંસ્થામાં રહી મેટ્રીક સુધી અભ્યાસ કરતાં કરતાં, જીવનમાં સાદાઇ, સ્વાવલંબન, ને સ્વચ્છતાના પાઠ તેઓ શીખ્યા. સાથે સાથે પૂર્વના સંસ્કારોના પરિણામે એમનું મન આત્મિક સાધના તરફ વળ્યું. રાત્રિના એકાંતના સમયે તેઓ આત્મચિંતન કરતા કે ધ્યાનમાં બેસતા.

મેટ્રીક પછીના વર્ષે તેઓને ગોવાલિયા ટેંક પરની જી. ટી. બોર્ડીંગમાં પ્રવેશ મળ્યો. પરંતુ પ્રભુની અકળ લીલા અનુસાર ભાઈલાલને કોલેજના ઈતિહાસ ભૂગોળ જેવા વિષયો શુષ્ક લાગતા. તેઓ પ્રથમ વર્ષમાં ઇતિહાસમાં નાપાસ થયા. અને મુંબઈ યુનિવર્સિટીના અભ્યાસ ક્રમને બદલે–આત્મિક સાધનાના માર્ગે હિમાલયના ઋષિમુનિસેવિત પુણ્ય પ્રદેશ તરફ વળી ગયા. ૧૯ વર્ષ જેટલી નાની વયમાં તેઓ પૂ. માતાજીની અનુજ્ઞા મેળવી હિમાલય ગયા. પ્રથમ ઋષિકેશને પછી ભાગીરથી અને અલકનંદાના સંગમ પર આવેલ દેવ-પ્રયાગની એકાંત કુટિયામાં રહી એમણે વર્ષો સુધી ઉત્કટ સાધના કરી. હિમાલયના અંદરના ટેહરી, ઉત્તરકાશી બદ્રી ને કેદાર વિસ્તારના સ્થાનોમાં વસી એમણે પ્રભુને પ્રાપ્ત કરવા આકરી તપશ્ચર્યાઓ આદરી.

અનેક ઉપવાસો ને સતત પ્રાર્થનાના પરિણામે એમને અનેક આધ્યાત્મિક અનુભવો થતા રહ્યા. એમણે આ બધા અનુભવોની તારીખ, વાર સહિત નોંધ રાખી. પરિણામે આત્મિક માર્ગના સાધકોને પ્રેરણારૂપ બને તેવો એક વિરલ સરસ આધ્યાત્મિક ગ્રંથ–પ્રકાશના પંથે પ્રાપ્ત થયો. મહાત્મા શ્રીયોગેશ્વરજીની સાધના અને અનુભૂતિઓના અનોખા ભંડાર સમો આ ગ્રંથ ગુજરાતી સાહિત્યમાં અમૂલ્ય રત્ન સમાન છે.



યોગેશ્વરજીની સાધના એકાંગી ન હતી. તેઓએ જ્ઞાન, યોગ, ભક્તિ અને કર્મની પદ્ધતિઓનો સુભગ સમન્વય પોતાના જીવનમાં આચરી, જે સાધના કરી એ મનુષ્ય માત્રને માર્ગ-દર્શક બની શકે એમ છે. પરિણામે એમનું જીવન દર્શન સર્વાંગી બન્યું. આધ્યાત્મિક માર્ગના કોઇપણ સાધકને આથી એમની પાસે સમાધાન સાંપડતું. તેઓ જાતિ કે વર્ણભેદથી, સંપ્રદાયોની સંકુચિતતાથી, ધર્મોના વાડાથી પર એવા, ખાદીધારી સંત હતા.

એમણે પોતે કેવળ પ્રાર્થનાનો આશ્રય લઇને જીવનમાં સર્વકાંઈ શુભ પ્રાપ્ત કરી શકાય છે, પ્રભુદર્શન સુદ્ધાં પામી શકાય છે, તે સાબિત કરી આપ્યું.

કોઇ પણ સ્થૂલ દેહધારી ગુરુના માર્ગદર્શન વિના મા જગદંબાની ઉપાસનાના પરિણામે પ્રાપ્ત થતા આદેશોના રાહે, એમણે પોતાનો સાધના પથ એકલે હાથે ખેડચો. અને અંતે ૧૯૬૦ ના જાન્યુ. માં મા જગદંબાનું પ્રત્યક્ષ દર્શન જ નહિ, પરંતુ સતત દર્શન–સતત સાંન્નિધ્ય એમને પ્રાપ્ત થયું. ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં આ એક વિરલ વસ્તુ છે. એ અનુભૂતિના પરિણામે, જે અવસ્થાની એઓશ્રીને પ્રાપ્તિ થઇ, તેનું વર્ણન એમના પોતાના શબ્દોમાંજ જોઇએ.

"એને અલૌકિક અદ્‌ભુત આવિર્ભાવની અવસ્થા કહીએ તે વધારે ઉચિત લેખાશે. વર્ષોનાં તપ, વ્રત, અને વેદના સફળ થયેલાં લાગ્યાં. સાધનાની સાર્થકતા દેખાઇ. શરીર-ધારણની ધન્યતા અનુભવાઈ... કોઈક સૌભાગ્યશાળી સાધકને સમાધિદશામાં ભાગ્યે જ જે ચેતનાનો અનુભવ થાય તે શક્તિ, સત્તા કે પરમ ચેતના મારે માટે અતીન્દ્રિય અવસ્થા-ની અનુભૂતિ મટીને પ્રત્યક્ષ થઈ.

એકાદ વારની અનુભૂતિ મટીને ક્ષણેક્ષણની શાશ્વત

સ્વાનુભૂતિ થઇ.

"એના પરિણામે વિશ્વમાં વિરાજતા કે વિચરતા કોઇએ સૂક્ષ્મ શરીરધારી સિદ્ધ મહાપુરુષનો સંપર્ક સંકલ્પ માત્રથી સત્વર સધાવા લાગ્યો. ગમે તે આત્માનું આહ્વાહન કરીને એની સાથે વાર્તાલાપ કરવાનું શકય બન્યું.

વૈદિક ઋષિઓ દેવતાઓનું આહ્વાહન કરતા તે વાત યથાર્થ લાગી ભૂતભાવિના ભેદ સરળ બન્યા. જીવન પરમાત્માની પરમ શક્તિના સીધા પવિત્ર માર્ગદર્શન પ્રમાણે ચાલવા લાગ્યું.

હવે જીવનમાં કોઇ મુશ્કેલી ના રહી; કારણ પ્રભુની ઇચ્છા પ્રમાણે જ જીવનનું હરેક કાર્ય થવા લાગ્યું. પછી ચિંતા કે મુશ્કેલી રહે જ કયાંથી ?

આવી અલૌકિક અનુભૂતિને સમજવાનું અઘરૂં છે; તો પછી એને પ્રાપ્ત કરવાનું તો કેટલું અઘરૂં હશે ? કરોડો સાધકોમાંથી કોઇક જ આવી વિરલ અવસ્થા પ્રાપ્ત કરી શકે છે.

પરિણામે પ. પૂ. યોગેશ્વરજીને જીવનમાં અનેક સંતો મહાપુરુષો, યોગીઓ, ઋષિઓ, તપસ્વીઓ મુનિઓના અનુભવો થયા. એમાં ભગવાન બુદ્ધ, શ્રી રામ, શ્રી કૃષ્ણ, મા જગદંબા, ભગવાન શંકર, શ્રી નારદજી, હનુમાન, ભગવાન રમણમહર્ષિ, સંત જ્ઞાનેશ્વર, સંત તુકારામ, મહાત્મા ગાંધીજી, ભગવાન સાંઇબાબા, સ્વામી સહજાનંદ, શ્રી જલારામ બાપા, વગેરેનો સમાવેશ થાય છે.

એમની આત્મકથા આવા રોમાંચક દિવ્ય અનુભૂતિના ઉલ્લેખોથી ભરપૂર છે. અનેક અજ્ઞાત મહાપુરુષોનાં દર્શનો પણ એમને થયાં છે. જેમના વિષે કોઇ પુસ્તકોમાં ઉલ્લેખો નથી મળતા; આવા અજ્ઞાત મહાપુરુષો પણ વિશ્વના વાયુ-



મંડળમાં સૂક્ષ્મ અસ્તિત્વ ધરાવી સાધકોને પ્રેરણા આપવા અથવા પથપ્રદર્શન કરવા સદાય તત્પર રહે છે. એમને દેશ-કાળનાં કોઈ બંધનો નથી. એઓ ઇચ્છા પ્રેમાણે વિચરણ કરી શકે છે.

શ્રી સાંઇબાબા એમના ઉપર વિશેષ ભાવ રાખતા. એટલે અવારનવાર દર્શન આપી માર્ગદર્શન આપતા. મહાત્મા યોગેશ્વરજી પણ એમનામાં ખૂબ વિશ્વાસ અને શ્રદ્ધાભક્તિ ધરાવતા. અને બાબા જયારે જયારે દર્શન આપતા ત્યારે એમના ઉપર એક સુંદર ભજન લખતા. આવાં ભજનોનો સંગ્રહ એટલે જ 'સાંઈ સંગીત'. ૧૦૮ જેટલાં ભજનો, ગીતો અને સ્તુતિઓનું આ પુસ્તક માત્ર રૂા. ૫–૦૦ ( પોસ્ટેજ સાથે ) મળે છે. તે માટે શ્રી નારાયણભાઈ જાની, તંત્રી અધ્યાત્મ, પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧ ને લખવું.

મહાત્મા યોગેશ્વરજીએ પાંચ વાર પરદેશ પ્રવાસ ખેડયો છે. એમાં ઇંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા, ઝાંબિયા, સાઉથ આફ્રિકા વગેરે દેશોને સમાવેશ થાય છે. તેઓ જ્યાં જ્યાં ગયા, ત્યાં તેમણે માણસને ભૌતિક સમૃદ્ધિ પાછળની આંધળી દોટમાંથી પાછા વળી, આત્માભિમુખ થવાનું કહ્યુ છે. એ માટે તેઓ ધ્યાન અને જપનો આશ્રય લેવાનું કહેતા. તે માટે ધ્યાન કેન્દ્રોની સ્થાપના કરી છે. આવાં ભારત અને ભારત બહાર ૨૫ જેટલાં ધ્યાનકેન્દ્રો આજે ચાલે છે.

પ. પૂ. શ્રી યોગેશ્વરજીએ ગુજરાતી ભાષામાં લગભગ નેવુ ઉપરાંત પુસ્તકો લખ્યાં છે. તેઓ દરરોજ નિયમિત રૂપે ત્રણ કલાક લખતા. એટલે એમનો એ વિપુલ અક્ષરદેહ માનવોને સાચી આધ્યાત્મિકતાની સમજ પૂરી પાડવામાં સહાયભૂત થાય એમ છે. ગીતા, ભાગવત, પાતંજલ યોગ-

દર્શન, ઉપનિષદો ઉપર સુંદર ગ્રંથો લખ્યા છે.

શ્રી યોગેશ્વરજીએ ભગવાન રમણ મહર્ષિના જીવન ઉપર એક સુંદર અભ્યાસપૂર્ણ ગ્રંથ લખ્યો છે. જેને ગુજરાત સરકારે પુરસ્કૃત કર્યો છે.

ગાંધી ગૌરવ, કૃષ્ણ રુક્મિણી, રામાયણ દર્શન જેવાં મહાકાવ્યો આપણી ભાષાના છંદોમાં લખ્યા છે. શ્રી તુલસીદાસજીના રામચરિત માનસનો ગુજરાતી કાવ્યમાં અનુવાદ એ એમની અદ્દભુત અમર ગેય રચના છે.

શ્રી યોગેશ્વરજી જીવનભર વિચરણ કરતા રહ્યા. આખા ભારતનું પરિભ્રમણ એમણે બેત્રણવાર કર્યું અને ભારતનાં તીર્થો ઉપર–ઉત્તર અને દક્ષિણ ભારતનાં તીર્થો ઉપર બે સુંદર પુસ્તકો આધુનિક દૃષ્ટિથી લખ્યાં છે. જે આજના યુગના ધર્મનિષ્ઠ માણસોને ઘણા માર્ગદર્શનરૂપ બને એમ છે.

શ્રી યોગેશ્વરજી મહા તપસ્વી, યોગી, જ્ઞાની ને ભક્ત હોવાથી તેઓ આપણી ધાર્મિક પરંપરાઓના સારાં તત્ત્વોના પૂજક હતા. પરંતુ જેમાં જેમાં એમને અંધ શ્રદ્ધા ને વહેમ લાગ્યાં, ત્યાં ત્યાં એમણે લાલબત્તી ધરી માનવોને ચેતવ્યા છે.

ભગવું વસ્ત્ર ન ધારણ કરવા છતાં, તેઓ ત્યાગીઓ અને સંન્યાસીઓનો હંમેશ આદર કરતા. આમ છતાં તેઓએ જીવનમાં બાહ્ય ત્યાગ કરતાં મનના ત્યાગને ઘણું મહત્ત્વ આપ્યું છે. ઈશ્વર પ્રાપ્તિ માટે સંસારના ત્યાગની આવશ્યકતા તેઓ સ્વીકારતા નહિ. વ્યકિત જે ક્ષેત્રમાં હોય ત્યાં રહી, ઉત્તમ અને આદર્શ આચરણ દ્વારા પ્રભુમય જીવન જીવી શકાય છે, એમ તેઓ દૃઢપણે માનતા.

એમનું સૂત્ર હતું, "સારા માનવ બનો, સાચા અર્થમાં માનવ બનો. બીજાઓને ઉપયોગી થાઓ અને આત્મિક સાધના કરતા રહો."



નિષ્કામ ભાવે કર્મ કરતા રહેવાથી, હૃદય શુદ્ધિ થાય છે; જેના પરિણામે માનવને શાંતિ ને સુખ મળે છે; સર્વાત્મભાવ અનુભવાય છે.

એક રાષ્ટ્રપ્રેમી સંત તરીકે એમણે ભારતને સતત ચાહ્યું છે. જીવનમાં એમણે બાળપણથી ખાદી અપનાવેલી. આમ છતાં તેઓ વિશ્વમાનવ હતા. દેશો અને સંપ્રદાયોના વાડાથી પર એવા એ મહામાનવ હતા. ગુજરાતમાં બહુ ઓછા લોકો એમણે યથાર્થ રીતે ઓળખી એમનો લાભ લઈ શકયા.

માતૃદેવો ભવ ! એ સૂત્રને એમણે પોતાના જીવનમાં સુંદર રીતે આચરી બતાવ્યું. પોતાનાં વિધવા માતાને એમણે બત્રીસ વર્ષ સુધી સાથે રાખ્યાં. ભારતમાં અને પરદેશોમાં પોતાની સાથેજ ફેરવ્યાં. પૂ. માતાજી પણ એમની સાધનામાં સમજપૂર્વકનો અદ્દભુત સાથ આપી સાધનાનાં સાક્ષી બન્યાં. પૂ. શ્રી યોગેશ્વરજીએ પણ એમની માતાની અંતિમ ક્ષણ સુધી ચાકરી કરી એમને અવલ મંજિલે પહોંચાડ્યાં.

આજના વિજ્ઞાનયુગમાં જેને લોકો ચમત્કાર માને એવી અનેક દેહાતીત અનુભૂતિઓ ને દર્શનો પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીને પોતાના સાધનાકાળ દરમ્યાન પ્રાપ્ત થયાં છે, જેમાં ભગવાન રામ, શંકર, કૃષ્ણ, મા જગદંબા, મીરાબાઈ ભક્તરાજ નારદજી, સંત જ્ઞાનેશ્વર, પરમહંસદેવ શ્રી રામકૃષ્ણ, શ્રી સાઈબાબા ને ભગવાન રમણ મહર્ષિ, તથા મહાત્મા ગાંધીજીને ( અવસાન પછી ) ગણાવી શકાય. આ બધી અનુભૂતિઓ શાસ્ત્ર સંમત છે ને તે મનુષ્યની કેવળ મનોવૈજ્ઞાનિક કલ્પનાઓ નથી, તેની પ્રતીતિ તેઓએ કરાવી છે.

આવા એક વિરલ અને વિપુલ આધ્યાત્મિક અનુભૂતિઓથી સંપન્ન મહાપુરુષ મહાત્મા શ્રી યોગેશ્વરજીની છઠ્ઠી

( અનુસંધાન પાના ૫૭ ઉપર )

# પૂ. શ્રી મોટાના પ્રેરક પ્રસંગો

મૂળ લેખકઃ–પૂ. શ્રી મોટા
સંપાદકઃ–કાંતિલાલ જ. પટેલ

ચુનીલાલ (પૂ. મોટા) પંચમહાલ જિલ્લાના કાલોલમાં ગુજરાતી નિશાળમાં ભણતા હતા. હજી સાતમું ધોરણ પણ પૂરું થયું ન હતું. આર્થિક પરિસ્થિતિ ખૂબ જ ખરાબ–તેથી અભ્યાસ છોડી કમાવાનો વિચાર આવ્યો.

તેમના પિતા તે વખતે ગોધરામાં રંગરેજનું કામ કરતા, એટલે ચુનીલાલ પણ ત્યાં ગયા. તેમની પડોશમાં એક વેપારી ભાઈ રહેતા હતા. એક વાર તેમની દુકાને જઈ નોકરીએ રાખવા માટે ચુનીલાલે બહુ વિનવણી કરી. 'થોડાક દિવસો કામ જોઈને યોગ્ય લાગે તો રાખજો,' એમ પણ કહ્યું. એટલે કામે રાખ્યા.

રોજ દુકાન વગેરે વાળવાનું તથા એવું બીજું તદ્દન સાધારણ પરચુરણ કામ સોંપ્યું–ચુનીલાલ રોજ સવારમાં વહેલા ઊઠીને દુકાન ખોલી વાળીઝૂડી બરાબર સાફ કરતા. સામાન્ય રીતે આવા વેપારીની ગાદી ઉપરનાં ચાદર, તકિયાના ગલેફ, વગેરે કેટલાય દિવસો સુધી ધોવાયા વગરનાં મેલાં અને શાહીના કાળા ડાઘાવાળાં એમ ને એમ પડી રહેતાં હોય છે. પરંતુ તેમને તો નાનામાં નાનું મળેલું કર્મ ઉત્તમ-માં ઉત્તમ રીતે કરીને શેઠના મનને રીઝવવું હતું. તેઓ રોજ ચાદર, ગલેફ વગેરે ધોતા અને એક પણ કરચલી ન પડે તેમ પાથરતા. ક્યાંય જરા સરખી પણ ધૂળ ન રહે તેની દરકાર રાખતા. બધું જ વ્યવસ્થિત રીતે સુંદર લાગે તેવી રીતે ગોઠવતા. દુકાનમાં પ્રવેશતાં જ ભાવનાથી પગે લાગતા. ત્યાં



કંકુ અને ફૂલ–ચોખા પણ ચઢાવતા.

પ્રથમ બેચાર દિવસમાં જ આવા પ્રકારનું કામ જોઈને શેઠ બહુ પ્રસન્ન થયા અને તેમને નોકરીએ રાખી લીધા. પગાર માસિક રૂા. ૫ એમ કરતાં કરતાં એક પછી એક જવાબદારીવાળું કામ પણ ચુનીલાલને સોંપતા ગયા. પછી તો ગામડેથી ખેડૂતો અનાજનાં ગાડાં લઈને આવે, તે જોખ-વાનું કામ પણ સોંપ્યું. તે કાળે મણ ઉપર બશેર અઢીશેર વધારે જોખી લેવું એ તો સામાન્ય રીતરિવાજ થઈ પડ્યો હતો. તેમાં કશું ખોટું પણ ન ગણાતું. ચુનીલાલ તો ખેડૂતની સાથે બહુ પ્રેમથી વાતો કરતા અને તેમને પણ રાજી રાખ-વાનું કરતા. તોલ પણ બરાબર સરખી રીતે તોલતા. શેઠ તો એમ સમજતા કે 'આ ચૂનિયો પોતાના (શેઠના) લાભમાં જ કામ કરવાનો' તેમનો સ્વાર્થ તો ખેડૂતો પાસેથી ખોટો તોલ કરી કેમ વધારે ને વધારે અનાજ પડાવી લેવાય તેમાં હતો. પણ જ્યારે શેઠે જાણ્યું કે ચુનીલાલ બરાબર સાચો જ તોલ કરીને અનાજ લે છે ત્યારે તેના પર બહુ ગુસ્સે થયા અને એકલા હતા ત્યારે કેવી રીતે ખોટો તોલ કરી વધારે અનાજ લેવાય તે કળા શીખવી. શેઠ તો એમ સમજતા હતા કે ચૂનિયો હવે બરાબર સુધરી ગયો છે અને બતાવેલી રીત પ્રમાણે જ કરે છે પરંતુ ચુનીલાલે તે રીત અખત્યાર કરેલ નહિ.

પરંતુ એક વખત કોઈક ખેડૂતની સાથે શેઠને પોતાને તકરાર થતાં તે વજન બરાબર છે કે નહિ તે જાણવાને કોઈક બીજા માણસને જોખવાનું સોંપવાનું તેમણે કર્યું, ત્યારે ચુનીલાલનો ભવાડો પૂરેપૂરો પકડાઈ ગયો. આથી બધાંની દેખતાં તેને ધમકાવ્યા અને બહુ ઉધડા લીધા. આથી પૈસાની તાત્કાલિક બહુજ રૂર હોવા છતાં તેમણે નોકરી મૂકી દીધી અને વળી

પાછું ‘પુનશ્ચ હરિઃ ૐ’ કરી ફરી ભણવાનું શરૂ કર્યું.

ચુનીલાલ ભણવામાં ખૂબ જ હોશિયાર હતા. ભણવાની લગન હતી પરંતુ ઘરની પરિસ્થિતિ અત્યંત કરૂણાજનક હતી. ખૂબ જ કપરા સંજોગોમાં મુશ્કેલીઓ વેઠી મેટ્રીક સુધી પહોંચ્યા. મેટ્રીકની પરીક્ષા આપી. પેટલાદ હાઇસ્કૂલમાં તે પ્રથમ આવ્યા અને પારિતોષિક પણ મળ્યું.

ભાવિ આશાસ્પદ હતું. આગળ અભ્યાસ કરવાની ઇચ્છા પ્રબળ હતી. કોઈ શહેરની કોલેજમાં ભણવા જવું પડે પણ ખર્ચની વ્યવસ્થાનો પ્રશ્ન હતો. પરંતુ પ્રભુકૃપા અને પુરુષાર્થ બન્ને ભેગાં મળે તો કશું જ અશકય નથી. ઉચ્ચ ભાવના હોય તો સહારો મળી જ રહે.

તેઓ વડોદરા કોલેજમાં દાખલ થયા. દૃષ્ટિ સમક્ષ આદર્શ હતો, શ્રમની સાધના હતી. મળેલી મદદનો જરા જેટલો પણ દુર્વ્યય ન થાય એ સંકલ્પ હતો. અગવડ વેઠવી પડે તો ભલે પણ ખોટી લાલચને વશ થઈ સગવડની જરા પણ ઇચ્છા કરવી નહિ અને તો જ પ્રભુ પ્રસન્ન થાય. કંઈક આવા વિચાર સાથે વડોદરા ભણવાનું શરૂ કર્યું.

રહેવાનો પ્રશ્ન વિકટ હતો. હોસ્ટેલમાં રહેવું પોસાય તેમ ન હતું. કાલોલના એક નાગરબંધુ વડોદરા કોલેજમાં ફેલો હતા. તેમની રૂમની સફાઇની જવાબદારી લઈ તેમની સાથે રહેવાની સગવડ ઊભી કરી.

હવે સવાલ હતો જમવાનો. તે માટે ઓછામાં ઓછા ખર્ચે વ્યવસ્થા થાય તેવો માર્ગ શોધવાનો હતો. તે માટે ચાંપાનેર દરવાજા પાસે આવેલી વૈષ્ણવ હવેલીના મુખિયાજી-ને મળી રોજ દોઢઆનો ચૂકવી ભગવાનના પ્રસાદરૂપે એક પાતળ મેળવવાની વ્યવસ્થા કરી. જમવાનું ચોખ્ખા ઘીવાળું



અને ચોખ્ખુ મળે પણ આ માટે રોજ ચાલીને જવા આવ-વામાં પાંચ માઈલનો પંથ કાપવો પડતો. આ સમયનો ઉપયોગ પણ વાંચન કરવા પાછળ કરતા. મંદિરે જઇ, નાહી, જમીને ફરી પાછા રૂમ પર આવી જતા. આ રીતે કોલેજનું પ્રથમ સત્ર તો પૂરું થયું પરંતુ ચુનીલાલનાં આધ્યાત્મિક મા પ્રભાવતીબહેનને ખબર પડતાં તેમણે એ બંધ કરાવ્યું.

હોસ્ટેલમાં નાગર વિદ્યાર્થીઓ ‘ચા કલબ’ ચલાવતા. તેઓ માટે ચા બનાવવાનું વગેરે કામ ચુનીલાલે ઉપાડી લીધું. અન્ય વિદ્યાર્થીઓ તેમને મદદ કરતા. તેમની એકજ લગન ભણવાની, તે માટે કોઈ પણ કામ કરવાની નાનપ કે શરમ તેમને લાગી ન હતી. સૌનો સ્નેહ સહકાર મળતો અને પોતાનું કામ પણ માનભેર થતું.

પરંતુ સાથે સાથે પ્રલોભનો પણ હતા. અન્ય વિદ્યાર્થીઓ છૂટથી સિનેમા જોતા. ચુનીલાલને પણ એકલા સિનેમા જોવા મન થતું પણ ટિકિટના પૈસા કાઢવા પડે. અભ્યાસ કરવા માટે મળેલી સહાયનો દુર્વ્યય ન થાય તે નિર્ણય માટે તેઓ મક્કમ હતા. દિલમાં મંથન થયું. છેવટે મિત્રો તેમની ટિકિટના પૈસા આપવા તૈયાર થાય તો પણ સિનેમા જોવા ન જવાનો નિશ્ચય કર્યો. આમ સિનેમા જોવાનું પ્રલોભન ટાળ્યું. માન-સિક ભૂમિકા પણ તૈયાર થઈ. સંઘર્ષ દ્વારા સંયમની સાધના આપોઆપ થઈ.

*

શ્રી માલવીયાજીએ આપણી સંસ્કૃતિને જીવતી રાખવાને કાશીમાં હિંદુ યુનિવર્સિટી સ્થાપી હતી. તેના નિભાવને અર્થે ભારતના હિંદુસમાજને નાણાં માટે ટહેલ નાખી હતી. જીવ-

( અનુસંધાન પાના ૫૦ ઉપર )

# શ્રી યોગેશ્વરજીનો અમર સંદેશ

શ્રી યોગેશ્વરજી

આધ્યાત્મિક માર્ગે પ્રવાસ કરવાનો કે સત્યની શોધ કરવાનો એકવાર માનવે નિર્ણય કર્યો, એટલે ઉપકરણો તેને આપો આપ મળી રહે છે. આધ્યાત્મિક જીવનનું તંત્ર ખૂબ વ્યવસ્થિત છે. તે જગતમાં એવા અનેક મહાપુરુષો છે જે દુનિયાને કોઈ પણ છેડે બેઠેલા છતાં આધ્યાત્મિક ઇચ્છા કરતા માનવીને મદદ પહોંચાડે છે. એટલે મુખ્ય વાત ઇચ્છાને જગાડવાની છે. જગાવીને તેને જિવાડવાની છે. તે વધારવાની છે. આ માટે જેવા વાતાવરણમાં રહીએ તેવા વાતાવરણ-માંથી માર્ગ કાઢવાનો છે. કેમકે જીવન ચંચળ છે. પ્રવાહની જેમ સતત વહ્યે જાય છે. એટલો દાવ હાથમાંથી જતો જાય છે. જે સાધન જેટલું પણ થાય તેટલું અત્યારથી જ કરતા રહેવાનું છે. ને વધારેને માટે ઇશ્વરને પ્રાર્થવાનું છે. તે દયાળુ છે. ને જે સાચા દિલથી પોકારે છે તેને જવાબ આપે છે, તેમ જ માર્ગ કરી આપે છે.

ઇશ્વર વિના માનવને શાંતિ ક્યાં છે ? ને સૃષ્ટિનું સર્વ ઐશ્વર્ય મેળવે છતાં આત્માને ના જાણે–પોતાને ના ઓળખે, તો તેવા ઐશ્વર્યની કીમત શી છે ? માણસની ખરી મહત્તા જીવનમાં વૃત્તિ ને સ્વભાવ કે વાસનાની જે પામરતા કે પશુતા છે, તેને દૂર કરી માનવ બનવામાં છે. ને એ પછી પોતાને ઓળખવામાં છે. આ વિના શાંતિનું દ્વાર સદાને માટે બંધ છે. જગતમાં સર્વ મનુષ્યો–જીવમાત્ર આ શાંતિ-પ્રતિ જઇ રહ્યા છે, શાંતિને ઇચ્છી રહ્યા છે, વત્તે ઓછે અંશે માણી પણ રહ્યા છે. પણ તે શાંતિ શાશ્વત્ નથી, ચિર કે અમર નથી. વળી તે બાહ્ય સાધનો–જેવાં કે સ્ત્રી, યૌવન,



ધન, વગેરે પર આધાર રાખે છે, એટલે તે સાધનો છૂટતા માનવ અશાંત ને હતભાગ્ય થઈ જાય છે. તડકા ને છાંયડામાં માનવ ઝુલ્યા કરે છે, ને એક વાર વિશ્વના રંગમંચ પરથી અદૃશ્ય થાય છે.

શું આ જ જીવન છે ? જીવનનો અભિનય ને આદર્શ આટલો જ છે ? છેક ઉપનિષદ્ કાળથી આની વિચારણા આરંભાઇ છે, ને ભારતના મહાન સત્ય શોધકોએ જીવનનો મહાન આદર્શ, શાંતિનો અમૂલ મંત્ર, માનવ જાતિ સમક્ષ ધર્યો છે:–

‘ આત્માને જાણો, શાંતિના ભંડાર પરમાત્માને જાણો, વિકાર ને વાસના પર વિજય મેળવો, સત્ય, પ્રેમ ને પવિત્ર-તાના આસન પર આરૂઢ થાઓ. ભેદભાવને દૂર કરી ચરા-ચરમાં એક આત્મા જુઓ. સૌને પ્રેમ કરો. આત્માને ઓળખી અપાર શક્તિ પ્રાપ્ત કરો, મહાન બનો. શોક, મોહ, ભય, અલ્પતા ને મૃત્યુના સ્વામી બનો ! ’

ભારતીય સંસ્કૃતિની આ બુલંદ વાણી માનવ માત્રનો વારસો છે, ને આપ્તકામ, સત્યપ્રાપ્ત મહાપુરુષોની અનુભવ ભાષા છે. આજે કે આવતી કાલે, જ્યારે પણ માનવના દિલમાં શાંતિની ચાહ જાગશે, પોતાની અલ્પતાને તોડવાનો તરફડાટ જાગશે, ને પંખીની જેમ પામરતાના પિંજરામાંથી મુક્ત થવા માનવ છટપટાશે, ત્યારે આ વાણીનો આશ્રય તેણે લેવો જ પડશે. આ માર્ગે પ્રયાણ કરવું જ પડશે. આ ભાષાનો આશ્રય તેણે લેવો જ પડશે. કેમકે તે વિના બંધનથી મુક્તિનો કોઈ મારગ નથી. અસત્યમાંથી સત્યમાં, અંધકારમાંથી પ્રકાશમાં, મૃત્યુમાંથી અમૃતમાં–માનવના અંતરાત્માનો આ સર્જન જૂનો પોકાર છે. તે વિના માનવને–સમજુ માનવને શાંતિ ક્યાં છે ?

# દિશા–વંદન

ભગવાન બુદ્ધ

[ભગવાન બુદ્ધનો સમય સામાજિક ઉત્થાનનો સમય હોવાથી તેમણે સદ્-વિચાર, સદ્વર્તન સ્ત્રીઓનું કર્તવ્ય, પુરુષોનું કર્તવ્ય, ધર્માચાર્યોનું કર્તવ્ય વગેરે વિષય ઉપર જ ઉપદેશ આપેલ છે. તેમનાં કેટલાક મુદ્દા નીચે મુજબ દર્શાવેલ છે.]

ભગવાન ગૌતમ બુદ્ધે જગતનું કલ્યાણ કરવાની દૃષ્ટિથી દિશા–વંદનનું નવીન અર્થઘટન આ રીતે કરાવ્યું. તે કાળે કેટલાક લોકો દિશા વંદનનો નિયમ પાળતા.

"સ્નાન કરીને પવિત્ર થવું એ બસ નથી. છ દિશાને નમસ્કાર કરવા વાળાએ નીચેની ચૌદ બાબતોનો ત્યાગ કરવો જોઇએ.

(૧) પ્રાણઘાત, ચોરી, વ્યભિચાર અને અસત્યભાષણ એ ચાર દુઃખરૂપ કર્મો.

(૨) સ્વચ્છંદ, દ્વેષ, ભય અને મોહ એ ચાર પાપનાં કારણો.

(૩) મદ્યપાન, રાત્રિભ્રમણ, નાટક–તમાશા, વ્યસન-જુગાર, કુસંગતિ અને આળસ એ છ સંપત્તિનાશનાં દ્વારો.

"આ રીતે પવિત્ર થઇને એણે માતા–પિતાને પૂર્વ દિશા સમજી તેમની પૂજા કરવી. એમની પૂજા એટલે એમનું કામ અને પોષણ કરવું, કુળમાં ચાલી આવેલાં સત્કર્મો ચાલુ રાખવાં, એમની સંપત્તિનો યોગ્ય વિભાગ કરવો અને મરી ગયેલાં ભાંડુંઓના ભાગનાં દાનધર્મ કરવાં."



"ગુરુને દક્ષિણ દિશા સમજી એ આવે ત્યારે ઊભા થઇ, બીમાર હોય ત્યારે શુશ્રૂષા કરી, શીખવે ત્યારે શ્રદ્ધાપૂર્વક સમજી લઈ, પ્રસંગે તેમનું કામ કરી અને એમણે આપેલી વિદ્યાને સંભારી રાખી એ દિશાની પૂજા કરવી."

"પશ્ચિમ દિશા સ્ત્રીની જાણવી. એનું માન રાખવાથી અપમાન ન થવા દેવાથી, પત્નીવ્રતના પાલનથી ઘરનો કારભાર એને સોંપવાથી અને જોઇતાં વસ્ત્રાદિક પૂરાં પાડવાથી એની પૂજા થાય છે."

ઉત્તર દિશા એટલે મિત્રવર્ગ અને સગાં–સંબંધી. એમને આપવા જેવી ચીજો એમને ભેટ કરવાથી, એમની સાથે મીઠાશ રાખવાથી, એમને ઉપયોગી થઇ પડવાથી, એમની જોડે સમાનભાવે વર્તવાથી અને નિષ્કપટ વ્યવહારથી એ દિશા બરાબર પૂજાય છે."

"અધોદિશાનું વંદન સેવકને ગજા પ્રમાણે જ કામ સોંપવાથી, પૂરતો અને વખતસર પગાર ચૂકવવાથી, બીમારીમાં એમની માવજત કરવાથી તથા સારું ભોજન અને પ્રસંગોપાત ઇનામ આપવાથી થાય છે.

"ઊર્ધ્વ દિશાનું પૂજન સાધુસંતોને કાયા, વાચા અને મનથી આદર કરવાથી, ભિક્ષામાં અડચણ ન કરવાથી અને યોગ્ય વસ્તુના દાનથી થાય છે."

## સાંપ્રદાયિક સંકુચિતતા

"કેટલાક લોકો કહે છે કે અમારો ધર્મ જ પૂર્ણ છે અને બીજા ધર્મો હીન છે. આ રીતે લડાઈ-ઝઘડા ઊભા કરી તેઓ વિવાદ કરે છે. તેઓ પોતાની વાત જ સાચી છે એવો આગ્રહ રાખે છે. પોતે કલ્પેલા મતને મહત્ત્વ દેનાર અને

હઠપૂર્વક વાદવિવાદ કરનાર માણસને સમજાવવો અને શાંત કરવો મુશ્કેલ છે. તે વિવાદમાં પોતાની જીતને જ પોતાનું ધ્યેય માને છે. તે અહંકારમાં મત્ત બની પોતાની જાતને માનથી અભિષિક્ત કરે છે. આ બધું સાંપ્રદાયિકતાને હૃદય સરસી ચાંપવાનું જ પરિણામ છે. અસ્થિર મનુષ્ય વાદ-વિવાદમાં પડે છે. ડાહ્યો અને સ્થિરચિત્ત માણસ તેમાં પડતો નથી. તે કોઈ મતનો આગ્રહ રાખતો નથી. તેને કોઇ પંથ પ્રત્યે રાગ હોતો નથી. ભિન્ન ભિન્ન મતો અને પંથો પ્રત્યે તે ઉદાસીન રહે છે. તેણે રાગદ્વેષરૂપી ગાંઠ છેદી નાખી હોવાથી તે આ કે તે મત યા પંથનો પક્ષપાતી બની અન્યને ઉતારી પાડતો નથી. તેની પાસે સાંપ્રદાયિકતા અને સંકુચિતતા ઢૂંકતા પણ નથી. તે સાંપ્રદાયિક મનમતાંતરોથી મુક્ત હોય છે, ઉદાર હોય છે."

## મુનિઓએ શું કરવું તે અંગે ભગવાન બુદ્ધ

મુનિઓએ શું કરવું તે અંગે ભગવાન બુદ્ધે કહ્યું હતું:-

"તમને લોકો મુનિઓ કહે છે—એ શબ્દ સાર્થ નીવડે અને તમારો વ્યવસાય તેને અનુરૂપ નીવડે એની તકેદારી રાખજો. તમારું ધાર્મિક જીવન નિષ્ફળ ન જાય પણ ઉત્તમ ફળ આપનારું નીવડે તે જોવાની તમારી જવાબદારી છે.

પહેલાં આને માટે તમારી જાતને કેળવજો અને પછી પેલાને માટે. વળી જેટલું કર્યું છે તેટલું બસ છે અને આગળ કશું કરવાનું રહેતું નથી એમ માનીને બેસી ન રહેશો.

હું તમને આદેશ આપું છું કે, જયારે કશુંક આગળ કરવાનું હોય ત્યારે તમારા ધ્યેયને હાંસલ કરવામાં પાછી પાની કરશો નહિ. આગળ શું કરવાનું છે? પહેલાં આત્મ-



નિષ્ઠ અને પાપભિરુ બનવું. પછી ક્રમે ક્રમે મન, વચન, કર્મ અને વર્તનમાં શુદ્ધ થવું; ઇંદ્રિયો પરત્વે સજાગ રહેવું; મિતાહારી થવું; સાધનામાં એકાગ્ર થવું; સ્મૃતિવાન અને સાવચેત રહેવું; છ પ્રકારની પ્રજ્ઞા સંપાદન કરવી. આ દરેક કામ ઉત્તરોત્તર આગળ વધીને કરવાનું છે. અને જયારે કશુંક આગળ કરવાનું હોય ત્યારે તમે તમારા ધ્યેયને હાંસલ કરવામાં પાછી પાની કરશો નહિ. એ બધું સિદ્ધ થઈ જાય ત્યારે છેવટે સાધક કહી શકે કે કર્તવ્ય કાર્ય પૂરું થયું છે, બ્રહ્મચર્યા સમાપ્ત થઈ છે."

## "સત્કર્મ-કુકર્મ વિશે"

મનુષ્ય મન, વાણી અને કર્મથી અનેક કુકર્મો કરે છે તે દૂર કરી, સત્કર્મો કેવી રીતે કરવાં તે સંદર્ભે ભગવાન બુદ્ધે નીચે મુજબ ઉપદેશ આપ્યો હતો :

"હે ગૃહસ્થો! કુકર્મો દેહથી થાય છે, વાણીથી થાય છે અને મનથી થાય છે.

## દેહ, વાણી અને મનથી થાય છે.

(૧) પ્રાણીનો ઘાત કરવો, પરધન ચોરી લેવું અને પર-સ્ત્રીનો સંગ કરવો આ ત્રણ કાયાનાં કુકર્મો છે.

(૨) અસત્ય બોલવું, ચાડી ખાવી, ગાળાગાળી કરવી અને વ્યર્થ લાંબુલાંબુ બોલ્યા કરવું. આ ચાર વાણીના કુકર્મો છે.

(૩) પરદ્રવ્યનો લોભ કરવો, બીજાના પ્રાણ હરવાની ઇચ્છા કરવી અને નાસ્તિક દૃષ્ટિ ધરાવવી એ ત્રણ મનનાં કુકર્મો છે.

હે ગૃહસ્થો ! જે માણસ કોઈના પ્રાણ હરતો નથી, સર્વ પ્રાણીઓ પ્રત્યે દયા-મૈત્રી રાખે છે, બીજાની વસ્તુઓ પચાવી પાડતો નથી અને બીજાની સ્ત્રીનો સંગ કરતો નથી તેનાં કાયાનાં કર્મો શુદ્ધ અને ધાર્મિક થયાં ગણાય.

જેની વાણી શુદ્ધ અને ધાર્મિક હોય છે તે ખોટું બોલતો નથી, ન્યાયાધીશ આગળ ખોટી સાક્ષી પૂરતો નથી પણ જે દેખ્યું હોય તે જ કહે છે અને જે ન દેખ્યું હોય તે કહેતો નથી. એટલું જ નહિ પણ બને ત્યાં સુધી તે પારકાના ટંટા મિટાવવા પ્રયત્ન કરે છે. તેને લોકોમાં સુલેહસંપ જોઈ આનંદ થાય છે, તેની વાણીમાં એટલી મીઠાશ હોય છે કે ભાંગેલાં હૈયાં પાછાં સંધાય છે, તે કદી ગાળા ગાળી કરતો નથી; કઠોર વચનો બોલતો નથી, તે નકામું બોલતો નથી પણ યોગ્ય વખતે જરૂર હોય એટલું જ બોલે છે.

આ રીતે તે વાણીનાં ચારેય સત્કર્મો કરે છે. મનનાં સત્કર્મો આચરનાર બીજાના ધનનો લોભ કરતો નથી, બીજાની હાનિ કરવાનો વિચાર સરખો પણ તેને આવતો નથી. એટલું જ નહિ પણ સર્વ જીવોનું ભલું થાય એવું જ રાત દિવસ તે ચિંતવ્યા કરે છે અને સત્કર્મ તેમજ સત્કર્મના ફળમાં તે સંપૂર્ણ શ્રદ્ધા ધરાવે છે.

—*—

અંબાજીમાં કયાં ઉતરશો ?
"સ્વર્ગા રોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગા રોહણ", દાતા રોડ, અંબાજી. (ઉ. ગુ.)



# માતૃભક્ત શ્રી રંગઅવધૂત

અમૃતલાલ મોદી

અવધૂતજી ધીરે ધીરે નર્મદાતટ વિહારી, નારેશ્વર નિવાસી તરીકે પ્રસિદ્ધ થતા જતા હતા. ત્યાં એકાએક એમના નાના-ભાઇ નારાયણ બિમાર પડ્યા. નારાયણભાઇની કારકિર્દી અત્યંત તેજસ્વી હતી. અંગ્રેજી પર ખૂબ સારો કાબુ હતો. અક્ષરો મોતીના દાણા જેવા હતા. મુંબઇમાં નોકરી કરતા હતા અને માંદા પડ્યા. તેમને ટી. બી. થયો હતો. અવધૂતજી પૂ. માજી અને નારાયણભાઇ બન્નેને નારેશ્વર લાવ્યા. અહીં તે વખતે ધર્મશાળાનું કામ ચાલતું હતું, તેથી માણસોની ઠીક ઠીક અવર-જવર રહેતી.

પરંતુ નારાયણભાઇનો દેહાંત થયો. શ્રી નારાયણભાઇનો આત્મા દેહપિંજર છોડતાં કાંઇક મુંઝાતો હતો એમ પૂ. શ્રી અવધૂતજીએ જોયું ત્યારે તે સમજી ગયા અને પોતાના ભાઇને કોલ આપ્યો કે તું નિરાંતે પ્રાણ છોડ. પૂ. માજીની ચિંતા જરાય કરીશ નહિ. મને એમ લાગશે કે મારો આ સાધુનો વેશ પૂ. માજીની સેવામાં આડો આવે છે તો હું નોકરી લેતાય અચકાઇશ નહિ. પૂ. માજીની સેવામાં હું ઊની આંચ આવવા નહિ દઉં.

સાચે જ એ અક્ષરો પૂ. શ્રીએ સાચા પાળ્યા. પૂ. માજી તે પછી અવધૂતજીની સુપ્રિમ કોર્ટ સમાં બની રહ્યાં. એમની આજ્ઞા લઇને જ નીકળતા અને એમની માંદગીની ખબર પ્રવાસમાં પડે કે તરત બધા જ કાર્યક્રમો રદ કરીને પાછા આવતા રહેતા. નારેશ્વરની એ પછીની તમામ પ્રવૃત્તિઓ અને

સ્થાનનો વિકાસ એ પૂ. માજીને આભારી છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. પૂ. માજી અહીં ન રહ્યા હોત તો અવધૂતજીએ નારેશ્વરને કાયમી નિવાસસ્થાન બનાવ્યું હોત કે કેમ એ શંકાસ્પદ જ છે.

પૂ. શ્રી માજીને પ્રણામ કરીને જ, એમની આજ્ઞા લઇને જ આશ્રમ બહાર જતા. આ એમણે સ્વેચ્છાએ સ્વીકારેલો નિયમ હતો.

પરંતુ એક વખત એવું બન્યું કે અવધૂતજી વહેલી સવારે નીકળવાના હતા. પ્રથમ નાવમાં બેસી કોરલ જઇ ગાડીમાં બેસવાનું હતું. પૂ. શ્રી સ્નાનાદિથી પરવારી મળસ્કે ચાર વાગ્યે તૈયાર થઇ ગયા અને પૂ. માજીની રજા લેવા, પાયે પડવા પૂ. માજીની કુટિરે આવ્યા. એ સમયે પૂ. માજી કુદરતી હાજતે ગયાં હતાં. પૂ. શ્રીએ સેવામાં રહેનાર બાઇને કહ્યું કે માજીને કહેજો કે એ ગયો. પૂ. માજી થોડીવારમાં જ આવ્યાં અને તેમને થયું કે થોડીવાર પણ ન રોકાયો? એવી શી ઉતાવળ હતી! અને બસ. અહીં પૂ. શ્રી જે મશીન-બોટમાં બેઠા હતા તેનું મશીન ચાલ્યું જ નહિ. આખો દિવસ નર્મદામૈયાના ખોળે જ ગયો; અને તરત જ પૂ. શ્રીએ સમીક્ષા કરતાં કહ્યું કે આજે પૂ. માજીની આજ્ઞા લીધા વિના નીકળ્યો તેનું આ ફળ-તેની આ સજા ભગવાન કરી રહ્યા છે જે મારે ભોગવવી જ રહી! પૂ. શ્રીએ તે દિવસે સ્વૈચ્છિક સજારૂપ અન્નત્યાગ પણ કર્યો.

પૂ. શ્રી પોતાને ગમે કે ન ગમે પણ પૂ. માજી કંઇક કહે તો અચૂક તેમની આજ્ઞા પાળતા. એક વખતે પૂ. શ્રીએ કારણવશાત્ પૂજનમાં પોતાની પાદુકાઓ આપવી બંધ કરી. પરંતુ વડોદરાનું મંડળ દર સાલ પગપાળા આવતું અને



તેમને પાદુકા પૂજન કરવું હતું. અવધૂતજીએ તો કાને વાત ધરી નહિ.

પૂ. માજીને વિનંતી કરતાં પૂ. માજીએ અવધૂતજીને કહ્યું કે પાદુકા કેમ આપતો નથી? એમના તપ સામું તો જો! પૂ. શ્રીએ કહ્યું કે હું તમને પાદુકા આપું. ભલે તે તમારી પાસેથી લઇને પૂજન કરે. પછી પૂ. માજીએ એ રીતે પાદુકા વડોદરા મંડળને અર્પી, પણ ઉમેર્યું કે હવે તમે એ જે કહે તેની અમલ-બજાવણી કરજો. આજ્ઞાનું ઉલ્લંઘન કયારેય ન કરતા.

આવાં વત્સલ માજીનો દેહવિલય જેઠ સુદ ૧૧ વિ. સં. ૨૦૨૩ ના રોજ થયો. પૂ. શ્રીએ ઉત્તરક્રિયા ઉત્તમ રીતે કરી અને પૂ. માજીના પુણ્ય સ્મારકરૂપે માતૃસ્મૃતિશૈલીનું નિર્માણ કર્યું. એકાદ દોઢ વર્ષ પછી પોતે પણ મહાપ્રયાણ કર્યું.

*

## શ્રી રંગ અવધૂતજીની નિર્ભયતા

એક વખત રાતના લગભગ એક વાગ્યાનો સમય હશે. ચોમેર બધું શાંત. તારલિયાની વાતો, એની ફેરફૂદરડી, નર્મદાજીનાં શાંત જળનો સૌમ્ય અવાજ ને એવું એવું રાત્રીની શાંતિમાં ગંભીરતા અને પ્રસન્નતા પૂરે એવું આનંદ-દાયી વાતાવરણ હતું. અવધૂતજી આસન પર જ સહેજ આડા થઇ પડ્યા હતા. ઊંઘ તો હતી જ નહિ, અખંડ જાગૃતિને જ તેઓ વર્યા હતા.

આવા સમયે તદ્દન અજાણ્યા બે બંદુકધારી માણસો એકાએક સીધા અવધૂતજીની પાસે જ આવીને બેઠા અને વાર્તાલાપ ચાલ્યોઃ-

એકઃ-કેમ મહારાજ, એકલા જ અહીં રહો છો?

અવધૂતઃ-એકલા તો કેમ કહેવાય? દહાડે કેટલાંય પંખીઓ અહિં કલ્લોલ કરે છે, પશુઓ પણ કેટલાય આ ઝાડીમાં નિર્ભય રીતે ફર્યા કરે છે, સાપ-વીંછી વગેરે પણ ઓછાં તો નથી જ. ઉંદરડા, કાગડા એ બધાને તો ગણ્યા છે જ કોણે? અહિંયાં કોણે વસતિપત્રક કર્યું હોય કે જેથી ચોક્કસ સંખ્યાની ખબર પડે!

બીજોઃ-પણ અહિંયા કાંઇ માણસ આવે છે કે નહિ?

અવધૂતઃ-દિવસના કોઇ કોઇ આવે.

એકઃ-રાતના કોઇ નહીં જ આવતું હોય કેમ?

અવધૂતઃ-તમારા જેવા ભકતો હોય તે રાત્રે દર્શન દે; કારણ કે દિવસના તો ફુરસદ હોય નહિ.

બીજોઃ-આ કમાડ ખોલો તો મહારાજ! અંદર ઠાકોરજીનાં દર્શન કરવાં છે.

અવધૂતઃ-અવધૂતના કમાડને કદી તાળું હોતું જ નથી. જાતેજ ખોલો અને અંદર જાઓ. પણ અંદર ઠાકોરજી-બાકોરજી કંઈ ન મળે. એ તો પેલા મહાદેવના દહેરામાં. હાં, અંદર ચૌદ બ્રહ્માંડની દોલત લૂંટી લૂંટીને અવધૂતે ભેગી કરી છે તે તિજોરી જરૂર અંદર છે. તે તમારી મેળે જોઈ લો અને લૂંટાય તો લૂંટી જાઓ. અને પેલાઓ ત્યાંથી જતા રહ્યા.

* ખાસ નોંધ *

આ અંકના સંપાદનમાં ભાઈશ્રી કનૈયાલાલ ઝીંઝુવાડીયાએ ઉલ્લેખનીય મદદ કરી છે તેનો તંત્રી ઋણ સ્વીકાર કરે છે.



# શ્રી રામકૃષ્ણ કથામૃત

શ્રી માસ્ટર મહાશય

પ્રશ્નઃ-ઈશ્વરમાં કેવી રીતે મન જાય?

ઉત્તરઃ-ઈશ્વરનાં નામ, ગુણગાન, કીર્તન હંમેશાં કરવાં જોઇએ અને સત્સંગ. ઇશ્વરના ભક્ત કે સાધુ, એવાની પાસે અવાર-નવાર જવું જોઇએ. સંસારમાં અને વહેવારની અંદર રાત-દિવસ રહેવાથી ઇશ્વરમાં મન જાય નહિ. વચ્ચે વચ્ચે એકાંતમાં જઇને ઈશ્વરનું ચિંતન કરવાની બહુ જરૂર છે. શરૂઆતમાં અવાર-નવાર એકાંતમાં ન જઇએ તો ઈશ્વરમાં મન લગાડવું બહુ જ કઠણ.

રોપ નાનો હોય ત્યારે તેની ચારે બાજુએ વાડ કરી લેવી જોઇએ. વાડ ન કરીએ તો ગાય, બકરાં ખાઈ જાય. ધ્યાન કરવું મનમાં, ખૂણામાં અને વનમાં. હંમેશાં સત્-અસત્નો વિચાર કરવો. ઈશ્વર જ સત્ એટલે નિત્ય વસ્તુ, બીજું બધું અસત્ એટલે અનિત્ય; એવી રીતે વિચાર કરતાં કરતાં અનિત્ય વસ્તુનો મનમાંથી ત્યાગ કરવો.

પ્રશ્નઃ-સંસારમાં કેવી રીતે રહેવું?

ઉત્તરઃ-બધાં કામ કરવાં, પણ મન ઈશ્વરમાં રાખવું. સ્ત્રી, પુત્ર, મા-બાપ, બધાંની સાથે રહેવું અને તેમની સેવા કરવી: જાણે કે એ બધાં પોતાનાં ખૂબ અંગત માણસો છે. પણ મનમાં બરાબર સમજવું કે એમાંથી કોઇ આપણું નથી.

મોટા માણસના ઘરની કામવાળી શેઠનું બધું કામ કરે, પણ તેનું મન હોય ગામડામાં પોતાને ઘેર. વળી, તે શેઠનાં છોકરાંને પોતાનાં છોકરાંની માફક મોટાં કરે, 'મારો રામ'

'મારો હરિ' એમ કહીને બોલાવે; પણ મનમાં સારી રીતે સમજે કે એમાંથી મારું કોઇ નથી.

કાચબી પાણીમાં તર્યા કરતી હોય, પણ તેનું મન કયાં હોય તે ખબર છે? કાંઠા પર, જ્યાં તેનાં ઇંડા પડચાં હોય ત્યાં. સંસારનું બધું કામ કરવું, પણ મન ઈશ્વરમાં પરોવી રાખવું. ઈશ્વર ભક્તિ પ્રાપ્ત કર્યા વિના જો સંસાર ચલાવો તો ઊલટા વધુ સપડાઓ. સંકટ, શોક, તાપ અને બધાંથી હેરાન હેરાન થઈ જાઓ, અને સંસારના વિષયોનું ચિંતન જેમ જેમ વધુ કરો તેમ તેમ આસક્તિ વધે.

હાથે તેલ લગાડીને પછી ફણસ ચીરવું જોઇએ. નહિતર તેનું દૂધ હાથે ચોંટી જાય. ઈશ્વરભક્તિરૂપી તેલ ચોપડીને પછી સંસારનાં કામમાં હાથ લગાડવો જોઇએ.

પણ આ ભક્તિ પ્રાપ્ત કરવી હોય તો એકાંત હોવું જોઇએ. માખણ કાઢવું હોય તો એકાંત સ્થાનમાં દહીં જમાવવું જોઇએ. દહીંને હલાવ હલાવ કર્યે દહીં જામે નહિ. ત્યાર પછી એકાંતમાં બેસી, બધાં કામ છોડી, દહીંને વલોવવું જોઇએ, તો જ માખણ નીકળે.

વળી જુઓ, એ જ મન દ્વારા એકાંતમાં ઈશ્વરચિંતન કરવાથી જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ મળે, પણ સંસારમાં તેને પડયું રાખવાથી તે નીચે ઊતરી જાય. સંસારમાં કેવળ કામિની–કાંચનના જ વિચાર આવે.

સંસાર જાણે કે પાણી, અને મન જાણે કે દૂધ. દૂધને જો પાણીમાં નાખો તો દૂધ પાણી મળીને એક થઇ જાય, ચોખ્ખું દૂધ મળે નહિ. પણ દૂધનું દહીં જમાવી, તેમાંથી માખણ કાઢીને જો પાણીમાં રાખીએ તો તે તરે. એટલા માટે એકાંતમાં સાધના કરીને પ્રથમ જ્ઞાન–ભક્તિરૂપી માખણ કાઢી



લો. એ માખણ સંસારજળમાં રાખી મૂકો તો તે તેમાં ભળી ન જાય. તર્યા કરે.

સાથે સાથે વિચાર કરવાની બહુ જરૂર છે. કામ–કાંચન અનિત્ય, ઈશ્વર જ એક માત્ર નિત્ય. રૂપિયાથી શું મળે? રોટલા દાળ, કપડાં, રહેવાની જગ્યા એટલું જ, એથી ભગવાન ન મળે. એટલે રૂપિયા જીવનનું ધ્યેય થઇ શકે નહિ.

ખૂબ વ્યાકુળ થઇને રુદન કરીએ તો ઈશ્વરનાં દર્શન થાય. સ્ત્રી પુત્રાદિ માટે માણસો ઘડો ભરીને આંસુ પાડે, પૈસા સારું માણસો આંસુની નદીઓ વહાવે, પણ ઈશ્વર સારુ કોણ રડે છે?

ઈશ્વરને માટે વ્યાકુળતા આવી એટલે અરુણોદય થયો સમજો, ત્યાર પછી સૂર્ય દેખાશે. વ્યાકુળતાની પછી જ ઈશ્વરદર્શન. ત્રણ પ્રકારનું આકર્ષણ થાય તો ઈશ્વર દર્શન દે. વિષયીનું વિષય તરફનું ખેંચાણ, માનું સંતાન ઉપરનું અને સતી સ્ત્રીનું પતિ પ્રત્યેનું ખેંચાણ–આ ત્રેવડું આકર્ષણ એકી સાથે કોઇનામાં ઈશ્વર માટે જાગે, તો તેના જોરથી તે ઈશ્વરને પ્રાપ્ત કરી શકે.

વાત એટલી કે ઈશ્વરને ચાહવો જોઇએ, મા જેમ છોકરાંને ચાહે, સતી જેમ પતિને ચાહે, વિષયી જેમ વિષયને ચાહે, તેમ એ ત્રણેનો પ્રેમ એ ત્રણ આકર્ષણ એકઠાં કરવાથી જેટલું થાય તેટલું ઈશ્વરને માટે થાય તો તેનાં દર્શન અવશ્ય મળે.

આતુર બનીને ઈશ્વરને બોલાવવો જોઇએ. બિલાડીનું બચ્ચું માત્ર "મ્યાઉં મ્યાઉં" કરીને માને બોલાવી જાણે. મા તેને જ્યાં રાખે ત્યાં રહે, કયારેક રસોડામાં, તો કયારેક પથારી ઉપર રાખે. બચ્ચાંને દુઃખ થાય તો તે કેવળ "મ્યાઉં મ્યાઉં" કરીને માને બોલાવે, બીજું કંઇ જાણે નહિ. મા

ગમે ત્યાં હોય, પણ એ "મ્યાઉં મ્યાઉં" શબ્દ સાંભળીને એ આવી પહોંચે.

### * શ્રદ્ધા *

સંસારીએ વચ્ચે વચ્ચે સાધુસંગ અને અવારનવાર એકાંતમાં જઈને ઈશ્વરચિંતન અને તેનો વિચાર કરવો જોઈએ. પ્રભુ પાસે પ્રાર્થના કરવી જોઇએ કે હે પ્રભુ! મને શ્રદ્ધા ભક્તિ આપો.

માણસમાં જો શ્રદ્ધા આવી ગઇ તો તો થઈ ચૂક્યું. શ્રદ્ધાથી મોટી બીજી કોઈ ચીજ નથી.

રામચંદ્ર કે જે સાક્ષાત્ પૂર્ણબ્રહ્મ નારાયણ, તેમને લંકામાં પહોંચવા સારુ પુલ બાંધવો પડ્યો, પણ હનુમાન રામનામમાં શ્રદ્ધા રાખીને એક જ છલાંગે સમુદ્રની પેલે પાર કુદી પડ્યા.

વિભીષણે એક પાંદડામાં રામનામ લખીને એ પાંદડું એક માણસના લુગડાને છેડે બાંધી દીધું. એ માણસને સમુદ્રને સામે પાર જવું હતું. વિભીષણે તેને કહ્યું, "તારે બીવું નહિ. તું શ્રદ્ધા રાખીને પાણી ઉપર થઇને ચાલ્યો જજે. પણ જોજે હો, જો શ્રદ્ધા ગુમાવી તો તરત પાણીમાં ડૂબી જઈશ." એ માણસ તો મજાનો સમુદ્રની ઉપર થઇને ચાલ્યો જતો હતો. એવામાં તેને કુતૂહલ થયું કે લૂગડાને છેડે શું બાંધ્યું હશે એ એકવાર જોઉં તો ખરો? ઉઘાડીને જોયું તો માત્ર "રામ" નામ લખ્યું છે. તેને વિચાર આવ્યો કે આ શું? આમાં તો માત્ર "રામ" નામ જ લખ્યું છે! બસ જેવી અશ્રદ્ધા આવી કે તરત પાણીમાં ડૂબી ગયો.

જેને ઈશ્વરમાં શ્રદ્ધા છે, તેનાથી કદાચ મહાપાપ થઇ



જાય, ગો, બ્રાહ્મણ કે સ્ત્રીની હત્યા થઇ જાય, તો પણ ભગવાન પરની એ શ્રદ્ધાને જોરે તેનો પાપમાંથી ઉદ્ધાર થઇ શકે. તે જો એમ કહે કે હું એવું કામ ફરીથી નહિ કરું, તો તેને કોઈ વાતનો ડર નહિ.

* માનવ જીવનનો ઉદ્દેશ ઈશ્વર પર પ્રેમ થવો, ઈશ્વરને ચાહવો.

* જ્યારે એકવાર હરિનામ, અથવા એકવાર રામનામનું ઉચ્ચારણ કરતાં શરીરે રોમાંચ થાય, આંખમાંથી આંસુ ઝરે, તો ચોક્કસ જાણવું કે સંધ્યા વગેરે કર્મો કરવાની જરૂર રહી નથી; ત્યારે કર્મત્યાગનો સમય થયો છે; કર્મનો આપોઆપ ત્યાગ થતો જાય છે. ત્યારપછી કેવળ રામનામ કે હરિનામ કે માત્ર ૐ કારનો જપ કરે એટલે બસ. "સંધ્યાનો ગાયત્રીમાં લય થાય, ગાયત્રીનો ૐ કારમાં."

* ઈશ્વરને જાણવો તે જ્ઞાન, ઈશ્વરને ન જાણવો તે અજ્ઞાન.

* નિરાકારમાં શ્રદ્ધા એ તો સારું. પરંતુ એવી ભાવના રાખવી નહિ કે માત્ર એ જ સાચું, બીજું બધું ખોટું. એટલું જાણજો કે નિરાકાર પણ સાચું, તેમ જ સાકાર પણ સાચું. તમને જેમાં શ્રદ્ધા હોય તેને પકડી રાખજો.

* જુદી જુદી જાતની પૂજાનું ઈશ્વરે જ વિધાન કર્યું છે. જેનું જગત છે તેણે જ આ બધું બનાવ્યું છે, પાત્રના ભેદ પ્રમાણે. જેને જે માફક આવે તે પ્રમાણે મા રસોઇ બનાવે તેમ. કોઇને માટે લાડુ, કોઇને માટે શીરો, તો કોઇને માટે દૂધપાક બનાવે.

*

# સંત શ્રી તેજાનંદ સ્વામી

માણેકલાલ શંકરલાલ રાણા

તેજાનંદ સ્વામી રામાનંદી સાધુ હતા. મારવાડની જયપુર રિયાસતમાં આવેલ જેઠડા ગામમાં સદ્ગુરુ કુળાદાસજીના ગુરુદ્વારામાંથી સત્તરમી સદીમાં ગુરુ આદેશ મુજબ જન કલ્યાણ અર્થે ગુજરાતમાં આગમન થયું.

તેઓશ્રી સુરત જિલ્લામાં, ચોર્યાસી તાલુકાના ખરવાસા મુકામે બિરાજતા હતા. હાલ પણ સુરતથી આઠેક કિલોમિટર દૂર આવેલ ખરવાસામાં તેમની જગ્યા છે.

મારવાડનું જયતારન ગામ જ્યાં એક સમયે સંત દાદુદયાળે કહ્યું હતું કે, 'આ સ્થળે વર્ષો પછી એક સંત પુરુષનો જન્મ થશે!' એ મહાપુરુષના વચન અનુસાર જયતારનની ધરતી ઉપર મહાન વંદનીય સૂફી સંત દરિયા સાહેબ (મારવાડી)નો જન્મ થયો.

જયતારનની એ જ પાવન ધરતી ઉપર એક બ્રાહ્મણ કૂળમાં તેજાનંદનો જન્મ થયો હતો. જન્મદાતા સ્વધામ સિધાવી જતાં યુવાન વયમાં નિરાધાર બનેલા તેજાનંદ જયતારનની ભૂમિને અંતિમ વંદના કરી ચાલી નીકળ્યા.

પરભવના એ સંસ્કારી આત્માને સંસારની અસારતા સતાવી રહી હતી. કોઇ વંદનીય સદ્ગુરુના ચરણમાં જઇ ઉપદેશ પ્રાપ્તિ કરી કૃતાર્થ થવા ચાહતા હતા; ત્યાં માર્ગમાં સંતોનો મેળાપ થયો. જ્ઞાની સંતોએ યુવાનને પિછાણ્યો અને જેઠડાના પંથે જવાની સલાહ આપી.



સંતોની આજ્ઞાનુસાર જેઠડામાં આવી કુળાદાસજીના ચરણમાં શિર નમાવી ઉપદેશ પ્રાપ્ત કરી તેજાનંદ તેમના શિષ્ય થયા. વિરકત પુરુષ હતા, એટલે આશ્રમમાં રહેવા છતાં પણ તેઓ સર્વથી અલિપ્ત અને એકાંતપ્રિય હતા. સદ્ગુરુના હૃદયમાં એથી તેજાનંદના વિચારો ઘોળાવા લાગ્યા.

એક સમયે કુળાદાસ શિષ્યો સાથે દૂર દૂર પર્યટને ગયા. ઉપદેશની અમીધાર વહાવતા, સંતે જનતાને પાવન કરી. ત્યાંથી પાછા ફરી રહ્યા હતા. મધ્યાહ્નનો સમય હતો. આદિત્ય નારાયણે જાણે સોળે કળા તપાવી હોય તેમ ધરતી ત્રાંબાવરણી બની. જળ વિના સદ્ગુરુનો કંઠ સુકાવા લાગ્યો. શિષ્યોની પણ એવી જ દશા હતી. તેઓ જળની શોધ કરવા લાગ્યા. તેજાનંદ સૌ પ્રથમ શીતળ જળનું પાત્ર ભરી સદ્ગુરુ સમીપ દોડી આવ્યો અને ગુરુદેવને જલપાન કરવા પ્રાર્થના કરી. ગુરુએ પ્રશ્ન કર્યો, 'બેટા તમે જલપાન કર્યું'? ગુરુદેવ! જળ વિના આપનો કંઠ રુંધાઈ રહ્યો છે. પહેલાં આપ જલપાન કરો' આમ કહેતાં એ ગુરુભકત તેજાનંદના નેત્રોમાંથી પ્રેમાશ્રુ વહી રહ્યાં.

સદ્ગુરુએ જલપાન કર્યું અને પછી એ જલપાત્ર તેજાનંદના હાથમાં મૂકી બોલ્યા : 'લ્યો બેટા! હવે તમે જલપાન કરો!' સદ્ગુરુની આજ્ઞા થતાં શિષ્યોએ જલપાન કર્યું.

થોડી વાર પછી અન્ય શિષ્યો જળ વિના હતાશ થઇ પાછા આવ્યા. તેજાનંદે પોતાના પાત્રમાંથી જલપાન કરાવી સર્વની તૃષા છિપાવી, તે સમયે સદ્ગુરુને તેજાનંદમાં સાચા સંતના દર્શન થયાં. કુળાદાસજી શિષ્યો સાથે જેઠડા મુકામે પાછા આવ્યા.

સંતના આતિથ્યધામમાં ભાવતાં ભોજન મળતાં એટલે અન્ય શિષ્યો ખાઈ પીને આનંદમાં દિવસો વ્યતીત કરતા,

ત્યારે તેજાનંદ એકાંતે બેસી ધ્યાનમગ્ન બની પ્રેમ સાધનામાં દિવસ વ્યતીત કરતા.... ખાવા પીવાની પણ તેમને લગારે દરકાર ન હતી.

ભોજનના સમયે સદ્‌ગુરુ પોતાના શિષ્ય સમુદાય તરફ દૃષ્ટિપાત કરી લેતા. સર્વે હાજર રહેતા, પરંતુ એક તેજાનંદ જોવામાં આવતા નહિ. 'કયાંક રોકાઈ ગયા હશે !' એમ માની સદ્‌ગુરુ કાંઈ જ બોલતા નહિ.

એ પ્રમાણે ઘણા દિવસ સુધી ભોજન સમયે તેજાનંદને હાજર ન જોવાથી વિચાર કરવા લાગ્યા કે અન્ય શિષ્યો એક ટંક પણ પ્રસાદ લેવાનું ચૂકતા નથી ત્યારે તેજાનંદ કયાં જાય છે ? શું તેઓ પાછળથી પ્રસાદ લેવા આવતા હશે ?

સદ્‌ગુરુ તેમની શોધમાં નીકળ્યા. પોતાના વિશાળ સ્થાન-માં બેસી તેજાનંદ ધ્યાનમગ્ન બની રહેતા. તેમની એ પ્રેમ લગની એવી અટલ બની હતી કે આહાર નિદ્રાનું પણ તેમને ભાન રહેતું નહિ.

સદ્‌ગુરુ કુળાદાસજી એ પ્રેમ લગની જોતાં અત્યંત પ્રસન્ન થઈ ગયા. તેમને સાદ કર્યો.

'બેટા તેજાનંદ ! તમે પ્રસાદ લેવા કેમ આવતા નથી ?'

'ગુરુદેવ ! પરમાનંદ પ્રભુના ધ્યાનમાં લયલીન થયા પછી હું આહાર નિદ્રાને ભૂલી જાઉં છું. એટલે મને પ્રસાદ લેવાનું ભાન રહેતું નથી.

'ચલો બેટા ! આજે તો તમારે પ્રસાદ લેવો જ પડશે !'

આમ કહી અપાર હેતથી તેમનો હાથ ઝાલી સદ્‌ગુરુ ભોજનગૃહમાં આવતા અને બન્ને સાથે બેસી પ્રેમથી પ્રસાદ આરોગતા.



પોતાના સ્થાનમાં કુળાદાસજી નિત્ય ઉપદેશની અમીધારા વહાવતા તે શ્રવણ કરવા ગ્રામજનો તથા ભાવિક ભકતો ભેળા થતા. એ શ્રોતાવૃંદમાં બેસી પોતાના શિષ્ય તેજાનંદની સદ્‌ગુરુ મુક્ત કંઠે પ્રશંસા કરતા. આથી અન્ય શિષ્યો અંતરમાં પ્રજળી ઊઠતા. કોઇપણ પ્રકારે તેજાનંદને સદ્‌ગુરુની દૃષ્ટિમાં હલકા પાડવા તેઓ લાગ શોધી રહ્યા હતા.

એક સમયે એવું બન્યું કે સંતના સ્થાનમાંથી કિંમતી મોતીની માળા ગુમ થઈ. સંત પુરુષના ધામમાં ઘણા રાજવીઓ આવતા હતા. એક નરેશે આગ્રહ કરી કુળાદાસજી-ના ચરણમાં પોતાની કિંમતી મોતીની માળા અર્પણ કરી, સ્વીકાર કરવા આગ્રહ કર્યો. તેમને એવી મૂલ્યવાન ભેટની કાંઈ જરૂર ન હતી, છતાં પ્રેમાગ્રહને વશ થઈ કુળાદાસજી કાંઈ જ બોલી શકયા નહિ. હર્ષથી રાજવી એ માળા અર્પણ કરી વિદાય થયા.

વર્ષોથી એ માળા સંતના સ્થાન આગળ પડી રહેતી. એ મોતીની માળા ગુમ થઈ. સદ્‌ગુરુએ પોતાના શિષ્યોને માળાની શોધ કરવાની આજ્ઞા કરી. ઘણી શોધ કરી પરંતુ માળા પ્રાપ્ત થઈ નહિ. અંતે જ્યાં તેજાનંદ ધ્યાનમગ્ન બની બેસતા હતા એ એકાંત સ્થાનમાં ગયા. ત્યાં એ માળા છુપાવી રાખેલી હતી. તેઓ એ સ્થળે સદ્‌ગુરુને તેડી ગયા અને ચોરાઈ ગયેલી કિંમતી માળા જ્યાં છુપાયેલી હતી તે બહાર કાઢી આપતાં કહેવા લાગ્યા.

'ગુરુદેવ ! જુઓ જેને તમે શ્રેષ્ઠ કહી પ્રશંસા કરો છો એ તેજાનંદ આવું કૃત્ય કરે છે !'

પારખ સદ્‌ગુરુ અન્યની મનોદશા કળી જવામાં પ્રવીણ હતા એટલે તેઓ સમજી ગયા કે તેજાનંદને કિંમતી માળાનો

લગારે મોહ નથી. જેઓ અહર્નિશ ધ્યાનમાં એકાગ્ર બની રહે એવા ધ્યાની પુરુષને એ માળા સાથે શું લાગે વળગે? એ કૃત્ય કોઇ દ્વેષીએ કર્યું હોવું જોઇએ. વસ્તુસ્થિતિ કળી જતાં સદ્ગુરુએ ધ્યાનમગ્ન બનેલા તેજાનંદને સજાગ બનાવ્યા, અને પ્રેમથી તેમનો હસ્ત ગ્રહણ કરી પોતાના આસન સમીપ તેડી લાવ્યા. તેમની સંગાથે શિષ્યગણ પણ ત્યાં આવ્યો. તેઓ સમજતા હતા કે ગુરુજી આજ તેની બરાબર ખબર લઈ નાખશે, પરંતુ વાત જુદી જ નીકળી. સદ્ગુરુએ અપાર વાત્સલ્યથી સાદ કર્યો.

બેટા તેજાનંદ! લાંબા સમયથી એક લાયક શિષ્યની શોધમાં હતો. મારું એ કાર્ય અપૂર્ણ છે, તે પૂર્ણ કરવા માટે તમારે સ્વસ્થ થઈ અહીંથી પ્રયાણ કરવાનું છે. સદ્ગુરુના એ શબ્દો શ્રવણ કરતાં તેજાનંદ બોલી ઉઠ્યા :

ગુરુદેવ, સદા સર્વદા આપની આજ્ઞાનું પાલન કરવા તૈયાર છું. પરંતુ આપની જે કિંમતી માળા ચોરાઈ ગઇ હતી તે મારા આસન નિકટથી પ્રાપ્ત થઇ એ માટે હું આપની ક્ષમા માંગુ છું! માળા ઘણી કિંમતી હોવાથી મારું મન લલચાયું. એ માળાની મેં ચોરી કરી હતી. પ્રથમ મને એ અપરાધની ક્ષમા આપો!' આમ કહેતા ગદ્ગદિત થયેલા તેજાનંદે સદ્ગુરુના ચરણ પકડી લીધા.

સદ્ગુરુ કુબાદાસજી તો તેમના એકરારથી ચકિત થઇ ગયા. પરંતુ જે દ્વેષી શિષ્યે તેજાનંદ ઉપર જૂઠું આળ ચડાવવાની પેરવી રચી હતી એ સાધુના અંતરમાં પ્રકાશ છવાયો હોય તેમ આગળ આવ્યો અને એ અધમ કૃત્ય પોતે કર્યું હતું તેનો એકરાર કર્યો કે અપરાધી તો હું પોતે જ છું. તેજાનંદ નિર્દોષ છે. મેં દ્વેષાગ્નિથી પ્રેરાઇ નાહક એ ધ્યાની પુરુષને



ફજેત કર્યા. માટે મને ક્ષમા કરો. આમ કહેતાં એ સાધુએ કુબાદાસજીના ચરણ ગ્રહી બોર બોર જેવા અશ્રુ વહાવ્યાં. કુબાદાસજીએ ગુનેગાર સાધુને ક્ષમા આપી અને તેજાનંદને પ્રેમથી હૃદયે લગાવી દીધા.

બેટા તેજાનંદ! સંતોનું પ્રાગટ્ય સંસારના કલ્યાણ માટે જ હોય છે માટે જ્યાં અધર્મનું પ્રાબલ્ય જણાય ત્યાં જઈ ઉપદેશ આપી ધર્મનું સંસ્થાપન કરો. ગુજરાતમાં કેટલાંક સ્થળે જ્યાં ઐકયતાને ભૂલી આપખુદી શાસન ચાલી રહ્યું છે એવા રાહ ભૂલેલા સત્તાધારીને સંતના અદ્ભુત પ્રભાવનાં દર્શન કરાવી સાન ઠેકાણે લાવી તેમના હૃદયમાં ઐકયતાની વિમળ યાદ જીવંત બનાવવા માનવ કલ્યાણના વિરાટ પંથે પ્રયાણ કરો!

સદ્ગુરુની આજ્ઞા શ્રવણ કરતાં તેજાનંદ સ્વસ્થ થઇ ગયા, પરંતુ તેમણે અંતિમ યાચના કરી.

'ગુરુદેવ! આપને જે અતિપ્રિય છે તે જાનરાય પ્રભુ મને આપો. તેમને સંગાથે લઇને જ હું પ્રયાણ કરીશ!'

વિદાયની અંતિમ ઘડીએ જાનરાય ભગવાનની પ્રતિમા તેજાનંદના હાથમાં આપતા સદ્ગુરુ બોલ્યા : 'બેટા તેજાનંદ! પ્રભુની પ્રેમથી સેવા કરજો. એનાથી તમારા સર્વે કાર્યો સિદ્ધ થશે!'

પ્રેમથી પ્રભુને હૃદયે લગાવતાં તેજાનંદે સદ્ગુરુના ચરણમાં શિર નમાવ્યું.

'બેટા તેજાનંદ! તમારો સર્વદા જય થાઓ!' આમ કહેતાં સદ્ગુરુએ પોતાનો વરદ હસ્ત તેમના શિર ઉપર સ્થાપતાં શુભાશિષ આપી. એટલે એ જ ક્ષણે તેજાનંદે જેઠડાના સદ્ગુરુ ભવનને અંતિમ પ્રણામ કરી પ્રયાણ કર્યું.

(ક્રમશઃ)

## ઘર જાના

શામ ઢલી, સજની ! ઘર જાના,
ફિર વહાંસે કભી ન આના શામ ઢલી...

બસર કિન્હી કિત કાલ સરાઈ,
સોચ સોચ કર જી પછતાઈ,
અપના સ્વરૂપ ચિન્હા ન, નવાઈ !
કોડી કારન રતન ગવાઈ.

જલ–મંથન–સી ભવકી ભવાઈ,
ક્ષરસે અક્ષર પાવત ભાઈ ?

રાજપુત્ર ભયા રાહ ભિખારી,
નિજ સરૂપ ન પરખા જાઈ !

સજની ! શામ ઢલી ઘર જાના,
ફિર વહાંસે કભી ન આના.

ડૉ. રણજિત પટેલ ( અનામી )

શ્રી યોગેશ્વર કૃપા.
**સંદીપ વેલ્ડીંગ વર્કસ**
ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોઢી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.



# આ દિવસો પણ ચાલ્યા જશે

ભાઇલાલભાઇ છાટબાર

અનેક પ્રસંગે સંત યોગેશ્વરજી આવું સૂત્રવાકય બોલતા રહેતા કે–" આ દિવસો પણ ચાલ્યા જશે "...ક્ષણ, ઘડી કે દિનમાનનું ચક્ર રોકયું રોકાતું નથી.

ભગવાન બુદ્ધ કહેતા કે–નિયતિનો અફર નિયમ છે કે કોઇ ચીજ કદી કાયમ ટકતી નથી. કદીક વિષાદની વેળા આવી ચઢે તો તે પણ હળવા મને જરા માણી લ્યો. કયાં–કયારેય કોઇ ઘટના લાંબો સમય ટકે છે ?

હિરેકિલટસનું એક કથન છે કે–માણસ એક જ નદીમાં બે વાર કદમ માંડી શકે નહિ. નદીનો પ્રવાહ એટલો બધો વેગીલો હોય છે. માણસ પગ ઝબોળે ઝબોળે ત્યાં તો પગ નીચેનું પાણી સરી ગયું હોય છે.

જીવન પણ નદીની માફક જ તીવ્ર ઝડપથી ગતિમાન છે; તોપછી ઉદ્વેગની દુઃખદ ક્ષણને પકડી રાખીને ચિંતાને શામાટે વહોરવી ? વિષાદની પળ આવી ચઢે તો તે આવી ચઢેલ ક્ષણજીવી પળ વીતી જાય ત્યાંસુધી પળ–બેપળ માણસ તેને ભોગવી લે તો તે પળ તેને પકડી શકતી નથી.

પસાર થતી ક્ષણ તેની સાથે વિષાદને ઘસડી જાય છે. વિષાદ આંખના પલકારામાં સરી જાય છે.

આ વિષાદની ક્ષણિક હસ્તીનો સ્વીકાર કરી, માણસ તેને પોતાના મનમાંથી કાઢી નાખે તો વિષાદ પણ પરિણામે પ્રસાદ બની રહે છે. તે નૂતન પ્રાણ અને નૂતન તાઝગી બક્ષનાર બની રહે છે.

સુખદુ:ખ, જન્મમૃત્યુ વગેરે બહિર્મુખ મનનો પ્રપંચ-વ્યવહાર છે. આ વ્યવહારમાં ડૂબી રહેવાની ક્રિયા તે નિદ્રા છે, બેહોશી છે. અંતર્મુખ બનીને નિજી આત્મસ્થિતિમાં મગ્ન બનીને એકાકાર એકીભૂત થઈ જવું તે જાગરૂકતા છે.

દુ:ખ તો મારે છે જ, અતિસુખ પણ મારી નાખે છે કેમકે બંનેમાં ઉત્તેજના છે અને જ્યાં ઉત્તેજના છે ત્યાં વસ્તુ તૂટી જાય છે. માણસનો જે અનુત્તેજિત સ્વભાવ છે તે જ સતત્ રહી શકે. આ અનુત્તેજના-વિના સાધ્યે-માણસની અંદર જ છે, જેને માણસ કદી છોડી નથી શકતો.

માણસ સુખ જોઇ લે છે અને જુએ છે કે તે પણ આખરે તો પીડાથી ભરાઈ જાય છે. તે દુ:ખ જોઈ લે છે અને જુએ છે કે તે પણ પીડાથી ભરપૂર છે. દુ:ખ તો દુ:ખ છે જ પરંતુ અહીં સુખ પણ દુ:ખ છે.

જે દિવસે માણસને સમજાઇ જાય છે કે સુખદુ:ખ બધું બહાર છે અને બંને સારહીન છે, તે દિવસે માણસના જીવન-માં જાગરૂકતાના ચમત્કારની પ્રતીતિ થાય છે. તે સાચા અર્થમાં જિજ્ઞાસુ-અભીપ્સુ બને છે કેમકે તે સુખને માટે નહિ પરંતુ શાંતિ માટે ઉત્સુક બને છે.

માણસ સુખને ખાતર ધર્મમાં ઉત્સુકતાથી રસ લેતો હોય છે તો તે ધર્મમાં ઉત્સુક કે જિજ્ઞાસુ નથી; કેમકે સુખ શાંતિ-દાતા નથી. ક્ષણભંગુર ચીજોમાં સુખભાવ મિથ્યા છે.

ધર્મની-સત્ય ઉપલબ્ધિની સાચી જિજ્ઞાસા શાંતિને માટે હોય છે-સુખને માટે નહિ. શાંતિ માટે જિજ્ઞાસુને સુખ પણ વ્યર્થ છે, દુ:ખ પણ વ્યર્થ છે.

માણસ સંઘર્ષમાં ઊતરે તો દુ:ખનો સંતાપ અનુભવે છે. દુ:ખની ક્ષણોમાંથી છટકી બહાર નીકળી જવાની કોશિષ



કરવાની જરૂર નથી. આવેલી દુ:ખદ ક્ષણનો પ્રતિકાર કરવાને બદલે સ્વીકાર કરી લે તો માણસ વિષાદવર્તુલના વમળમાં રહેતો નથી. વિષાદવાદળને જોઇ-સમજીને પસાર થઈ જવા દેવું, એ પણ અસ્તિત્વને ઓળખવા-અનુભવવાનો એક સર્જનાત્મક અભિગમ છે.

કયારેય પણ કોઇ વેદના કે વિષાદનો સ્વીકાર કરતું નથી તેથી વિષાદ વિષાદ જ બની રહે છે. વિષાદની ગુણવત્તાનું થવું જોઇતું રૂપાંતર આવા અભિગમથી થતું નથી. વિષાદને પણ તેનો નિજી વૈભવ છે. તેનાં થોડાં સુંદર પાસાંઓ છે.

મોજીલા લહેરી કે વિનોદી સ્વભાવના માણસને વિષાદની વૈભવ-સંપત્તિ કે સંવેદનાની ધારદાર ચોટ સાંપડતી નથી. સંવેદનામાં પણ આનંદનું સ્પંદન રહેલું છે. સીમિત વ્યક્તિ-ત્વથી જ્યારે વેદના-વિષાદ વધી જાય છે, ત્યારે તેની સંવેદ-નામાં પણ પ્રસન્નતાની ઝલકની અનુભૂતિ થાય છે. સંવેદ-નામાં આનંદનું સ્પંદન છાયારૂપે હોય છે.

અસ્તિત્વની ઘણી ઘણી બક્ષિસો માણસને વરદાનરૂપે મળેલી છે. કોઇકવાર સુખ કે કોઈકવાર દુ:ખ, કયારેક પ્રસન્નતા તો કયારેક વિષાદ, કયારેક પ્રકાશ તો કયારેક અંધકાર જીવનમાં આવી મળે છે. ઋતુચક્ર ચાલતું રહે છે. ઠંડી, ગરમી અને વરસાદી હવામાન ક્રમે ક્રમે બદલાતાં રહે છે. બધી ઋતુઓની યથાસ્થાને આવશ્યકતા છે.

બાહ્ય પ્રકૃતિના પરિવર્તન અને રૂપાંતરના તાલમેલમાં આંતરિક પ્રકૃતિ સુસંવાદી સૂરે ચાલતી રહે તો અસ્તિત્વ અસીમ ઊર્જાથી, નૂતન પ્રાણ-ઉલ્લાસથી અને પ્રસન્ન પ્રફુલ્લિ-તતાથી ધબકી ઊઠે. અસ્તિત્વમાં લયબદ્ધ સંગીતનું સર્જન થાય.

સહજતાથી ઘટનાચક્રનો સ્વીકાર કરી, સ્વીકાર-સમાધાન ભાવે ધીરજપૂર્વક 'જતું કરવાની' સદ્‌વૃત્તિ સહાયભુત નીવડે છે. અસ્તિત્વ સામે શિંગડાં માંડવાનો કોઇ અર્થ નથી કેમકે માણુસ અસ્તિત્વનો એક લઘુ અંશ છે. અસ્તિત્વનાં વરદાનોનું સ્વાગત કરવાને બદલે અસ્તિત્વ વિરુદ્ધ બાથોડિયાં ભરવાનો કોઈ અર્થ નથી.

કેટલીકવાર અસ્તિત્વમાં તેજછાયાનાં વિવિધ સ્વરૂપો પ્રત્યક્ષ થાય છે. અસ્તિત્વમાં વિદ્યમાન દરેક વસ્તુનું જીવનમાં સ્થાન છે.

આનંદ, ઉલ્લાસ, રસવૃત્તિ, જીવંતતા, ભાવમયતા—આ બધી સાહજિક વૃત્તિઓ છે; તે માટે યત્ન કરવો પડે તો તે છદ્મના છે.

આનંદી દેખાવાની—થવાની કોશિષ સ્વયં વિષાદનો સ્વીકાર છે. આવી કોશિષ કરનાર માણુસ અન્યને—કૃત્રિમ મહોરાં ધારણુ કરી-છેતરી શકે પરંતુ પોતાની જાતને તે છેતરી શકે નહિ.

લાગણીશીલતાનો બાહ્ય આડંબર નિર્દેશ કરે છે કે માણુસ અંદરથી કોરો છે અને મૈત્રી-પ્રેમ-કરુણાની લાગણીથી દૂર છે.

ઉત્તેજનાનો સ્વાંગ તે અંદર છુપાઈ બેઠેલ અનુત્સાહને વ્યક્ત કરે છે અને સક્રિય નિષ્ઠાના અભાવની ચાડી ખાય છે. ઉત્તેજનાનો સ્વાંગ નકલિયત છે, ક્રિયાશીલ જોમ અસલિયત છે-ભલે તે અવ્યક્ત હોય.

આરોપિત રસવૃત્તિની અભિવ્યકિત અને જીવંતતાનો અંચળો વારંવાર પુનરાવર્તન પામતો દેખાય તો તેનો આધાર લેનાર માણુસ મોહનિદ્રામાં જીવે છે, એમ કહી શકાય.



ચીજ-વસ્તુનો અર્થ નીકળી શકે, વ્યાપક સર્વકાલીન અસ્તિત્વનો નહિ.

મોટર, સ્કૂટર-યંત્રો જેવાં યંત્રોની ઉપયોગિતાને કારણે માણુસ તેનો અર્થ કાઢી શકે કેમકે તેનાથી સ્થળાંતર થઈ શકે છે. ભોજનનો અર્થ છે. વસ્ત્રોનો અર્થ છે. મકાનનો અર્થ છે. પરંતુ સમસ્ત અસ્તિત્વનો અર્થ માણુસ કાઢવા બેસે તો કોઇ નક્કર સંગીન અર્થ ના કાઢી શકે.

મન ઘણું બધું સર્જી શકે તેનાથી યાંત્રિક શોધો થઇ શકે.

પરંતુ મન કવિતા ના સર્જી શકે, મન પ્રેમ ના સર્જી શકે. કાવ્યસર્જન કે પ્રેમની નિર્ઝરણી મનના ક્ષેત્રની બહારની વસ્તુઓ છે. તે માટે માણુસની અંદર સમગ્રપણે અલગ કેન્દ્ર છે. તે માટે હૃદયકમળનું સંવેદનાકેન્દ્ર અને તેનો વિકાસ કામ કરે છે. હૃદયકમળની પાંખડીઓ ખૂલી જાય એટલે સમગ્ર અસ્તિત્વનું રહસ્ય-તેનો મર્મ સાંપડે છે.

માણુસ અસ્તિત્વની પ્રત્યેક ચીજ-સર્જનહારના દરેક સર્જનનો અર્થ તારવી તારવીને જીવવાની દૃષ્ટિ રાખે અને અર્થવાદી બની રહે તો તે અસ્તિત્વનો આનંદ ગુમાવી બેસે છે. અસ્તિત્વનું વહેણુ સ્વતંત્ર છે અને તે કશા પર અવલંબિત નથી.

જીવનને અર્થનું વળગણુ માણુસ લગાડવા બેસે તો જીવન બંધન બની રહે, કારાવાસ બની રહે. સમગ્ર અસ્તિત્વનો કોઇ ચોક્કસ નિર્દેશાત્મક સંગીન અર્થ ના નીકળી શકે. જીવનને અર્થમંડિત કરવાનું કે તેનું પળે પળે અર્થઘટન કરવાનું માણુસ છોડી દે તો જીવન રસમય, સંવાદમય અને ધબકતું બની રહે.

અસ્તિત્વને અર્થસાર આપવાનું બંધ થઈ જાય તે જરૂરી છે. જીવન સહજ રીતે–અર્થના લક્ષ્યબિંદુ વિના–જિવાય તો જીવનનો ધબકાર પ્રાણને ઝંકૃત કરી દે અને ચેતના પરિષ્કૃત બની રહે. અર્થશોધનાં ફાંફાં છોડી દેવાં જોઈએ. ચીજ–વસ્તુ નાનીમોટી ભલે હોય પણ અસ્તિત્વમાં તે દરેક દરેકે ઉચિત સ્થાને બેઠેલી છે. સર્જનહારની દુનિયામાં સૂરજનું મૂલ્ય છે તો અણુ–પરમાણુ જેવડા રજકણનું પણ મૂલ્ય છે.

અર્થવત્તાનો ખ્યાલ એકવાર છૂટી જાય એટલે માણસ તમામે તમામ સર્જનો સાથે ભાવાત્મક એકતા અનુભવે અને તેના જીવનની ક્ષણેક્ષણ જીવંત બની જાય; આમ થતાં અસ્તિત્વની અનુભૂતિનો આનંદ તેને સાંપડે,

જીવનનો ધારાપ્રવાહ–અસ્તિત્વની લીલા–વિના કોઈ અર્થ –સહજ રીતે ચાલી રહેલ છે.

અર્થઘટન (Meaningfulness) અને મર્માનુભૂતિ (Significance) બંને અલગ અલગ ચીજો છે.

અર્થ શોધનારો અસ્તિત્વનાં વરદાનોને ગુમાવી બેસે છે. મર્મગ્રાહી માણસ અસ્તિત્વનાં સઘળાં વરદાનોને પામે છે.

---

## અમારી વિદેશયાત્રાની લેખમાળા

અમારી વિદેશયાત્રાના આગળના હપ્તા અમારી અણધારી ભારે માંદગીને લીધે ફેબ્રુ. '૮૮ થી બંધ છે, તે પ્રભુ કરશે તો મે '૮૯ થી ફરી ચાલુ કરવા પ્રયત્ન કરીશું. –તંત્રી

---



# મા શ્રી શ્રી શારદા

સ્વામી ગંભીરાનંદ

મા શારદા દેવીનો આવિર્ભાવ સને ૧૮૫૩, ૨૨ મી ડિસેમ્બર અને ગુરુવારે રાતના જ્યારે બધાં ગાઢ નિદ્રામાં પોઢ્યાં હતાં ત્યારે બે ઘડી ને નવ પળ વીત્યા બાદ, જયરામવાટીમાં શ્રીયુત રામચંદ્ર મુખોપાધ્યાય તથા શ્યામાસુંદરીદેવી જેવા ભક્ત–દંપતીના સંતાન તરીકે થયો. આ શુભ સમાચાર રામચંદ્રના ઘરમાંથી શંખનાદના મંગળ ધ્વનિથી ગામના લોકોએ જાણ્યા.

મુખરજીઓ વંશપરંપરાથી "રામ" મંત્રના ઉપાસકો હતા. માતાજીના સ્વમુખે કોઈવાર બેચાર શબ્દો સાંભળવામાં આવતા તે ઉપરથી તેમનાં માતાપિતાનાં પ્રભુપરાયણ જીવનનો ખ્યાલ આવ્યો છે. તેઓ કહેતાં : "મારાં મા–બાપ બહુ સારાં હતાં. મારા બાપુજી રામભક્ત હતા. નિષ્ઠાવાળા પણ તેવા જ–બીજા કોઈ વર્ણનું દાન લેતા નહીં મારાં બા કેટલાં બધાં દયાળુ હતાં, માણસોને કેટલું જમાડતાં, કેટલી સંભાળ રાખતાં–કેટલાં બધાં સરળ હતાં." વળી કહેતાં, "મારા બાપુજીને હુક્કો પીવો ઘણો ગમતો. તે એટલા બધા સરળ અને મિલનસાર હતા કે એમના ઘર પાસેથી આવતા–જતા લોકોને બોલાવીને બેસાડતા અને કહેતા : "આવો ભાઈ, બેસો અને હુક્કો પીઓ, ને પોતે જ ચલમ ઉપર ચલમ તૈયાર કરી દેતા. મા–બાપની તપશ્ચર્યા ન હોય તો શું એમને ત્યાં ભગવાન જન્મ લે? પોતાની મા વિશે માતાજી કહેતાં, "મારી બા જાણે લક્ષ્મી હતાં. આખું વરસ જાતજાતની વસ્તુ ગોઠવીને રાખતાં. કહેતાં કે "મારો સંસાર તો રહ્યો ભકત

અને ભગવાનનો ?" અને એ સંસાર એમના પ્રાણસમો હતો. કેટલી કાળજીથી એને સાચવતાં !"

( માતાજીના "મા-બાપની તપશ્ચર્યા ન હોય તો શું એમને ત્યાં ભગવાન જન્મ લે ?" તે વાત ઘણીજ સૂચક છે. )

એક વાર શ્યામાસુંદરીદેવી શિહડ ગામે પોતાને પિયર હતાં ત્યારે તેમને ઝાડાની બીમારી થઈ આવી. રાત્રે તેઓ અંધારામાં શૌચ ગયાં, અચાનક ભૂલાં પડીને તેઓ એક કુંભારની ભઠ્ઠી પાસે એક બીલીનાં ઝાડ નીચે બેસી ગયાં. તે વખતે ભઠ્ઠીની બાજુમાંથી રૂમઝુમ કરતી એક નાનકડી બાલિકા બિલ્વવૃક્ષ ઉપરથી ઊતરી આવી ને તેમને ગળે બાઝી પડી. શ્યામાસુંદરી બેભાન થઇને જમીન પર ઢળી પડ્યાં. કેટલો વખત આમ રહ્યાં તેનું તેમને ભાન ન રહ્યું. સગાંઓએ પછી તેમને શોધી કાઢ્યાં અને ઘેર લઈ ગયાં. ભાનમાં આવ્યાં ત્યારે એમને એવો અનુભવ થયો કે આ નાનકડી બાલિકા એમના ગર્ભમાં પ્રવેશી છે.

માતાજીના પિતા રામચંદ્ર મુખરજી એ વખતે કલકત્તા હતા. કલકત્તા જવાનું નક્કી કરતાં પહેલાં એક દિવસ બપોરે જમ્યા પછી તેઓ સંસારમાં ગરીબાઇને લીધે પડતી અનેક મુશ્કેલીઓથી ચિંતાગ્રસ્ત થઈ સૂતા હતા. ત્યારે તેમણે સ્વપ્ન જોયું કે એક સોનાવરણી બાલિકા એમને ગળે બાઝી પડી છે. બાલિકાનું અસાધારણ રૂપ ને અમૂલ્ય અલંકાર જોઇ વિસ્મિત થઇ તેમણે પૂછ્યું : "તું કોણ છે, બેટા ?" સુમધુર કંઠે હેતપૂર્વક બાલિકાએ કહ્યું, "આ હું તમારી પાસે આવી." રામચંદ્રની ઊંઘ ઊડી ગઇ. સ્વપ્નનો વિચાર કરતાં એમને ખાતરી થઈ કે લક્ષ્મીદેવીએ પોતે કૃપા કરીને એમને દર્શન દીધાં છે. એટલે પૈસા કમાવાનો આ જ શુભ સમય છે. તેથી



તેઓ કલકત્તા ગયા. કલકત્તાથી પાછા આવ્યા ત્યારે તેમનાં ધર્મપત્ની પાસેથી તેમણે શિહડમાં થયેલા અનુભવની વાત સાંભળી ત્યારે એ આસ્તિક ને ધર્મનિષ્ઠ પુરુષે બધી જ વાત સહજ ભાવે સ્વીકારી લીધી. ભક્તિપરાયણ બ્રાહ્મણ દંપતી ત્યારથી ભોગવિલાસ પ્રત્યે ઉદાસીન બનીને, ભાવિક હૃદયે દેવશિશુના જન્મની વાટ જોવા લાગ્યાં. ત્યારથી માતાજીના જન્મ સુધી રામચંદ્રનો પત્ની સાથે દૈહિક સંબંધ રહ્યો નહીં, તદુપરાંત તેઓ શ્યામાસુંદરીને શ્રદ્ધાની નજરે જોતા હતા.

માણસો ગમે તેટલા મોટા, મહત્ત્વના કે રુઆબ-દાર લાગતા હોય છતાં એમને બાળક ગણીને ચાલો, તો તમે અમને વધુ સારી રીતે સમજી શકશો. કારણ, મોટા ભાગના માણસો કદી પુખ્ત વયે પહોંચતા જ નથી—એ માત્ર ઊંચાઈમાં જ વધે છે.

**Famous Engg. Corpn.**

**Engineers & Contractors**

746/5A G. I. D. C.
Makarpura
Baroda 390010

(પાના ૧૭ નું અનુસંધાન)

નનું મૂળ તો સંસ્કૃતિ છે. સંસ્કૃતિ પરત્વેનું પ્રભુકૃપાથી મારું (પૂ. મોટાનું) આકર્ષણ અજબ ને અતૂટ હતું. એટલે તેમની અપીલના કારણથી દિલમાં એક પ્રકારની ઉત્તેજના પણ પ્રગટી. મારાથી પણ તેમાં કશુંક અપાય તો ધન્યતા ને કૃતકૃત્યતાની ભાવના જરૂર મને જાગે એમ દિલમાં થયું.

પરંતુ આર્થિક સ્થિતિ એટલી બધી તો તંગ હતી કે ન પૂછો વાત. માત્ર ૪૭॥ રૂપિયામાં સાત જીવોનું પોષણ કરવાનું. ૨॥ રૂપિયા તો સહકારી મંડળીમાં ફરજિયાત બચત તરીકે જમા. જીવન વ્યવહારમાં મારા પોતાને માટે એક પૈસો પણ નકામો ખરચવાનું મારાથી બની શકતું નહિ. હજામત પણ મહિને એક જ વાર કરાવતો. ત્યારે હજામતનું સાધન પણ પાસે ન હતું. એવી આર્થિક તંગીની ભીંસમાં યુનિવર્સિટી ફંડમાં આપવાને મારી પાસે કશું જ ન હતું. તેમ છતાં આપવાનું દિલ તો પ્રગટ્યા કરતું.

## ભગવાને ઇચ્છા પૂરી કરી

"હરિ ને ભજતાં હજી કોઇની લાજ જતાં નથી જાણી રે" તે ભજનમાં:

"વહાલે નરસિંહ મહેતાને હાર હાથોહાથ આપ્યો રે."

એવી ભજનની પંક્તિ છે. તે હકીકતને આપણી બુદ્ધિ સ્વીકારી શકે તેમ નથી. છતાં તમારી જ હાજરીમાં (જે ભક્તને કે સાધકને પૂ. મોટા પત્ર લખે છે તેને સંબોધીને) મારા જીવનનો એક પ્રસંગ બનેલો તે સત્ય પ્રસંગ તમને લખી મોકલું છું.

એવામાં તમે ને હું બંને સાબરમતી આશ્રમમાંથી ક્યાંક શહેરમાં જવાને નીકળ્યા. આશ્રમથી થોડેક જ દૂર ચાલ્યા



હોઈશું ત્યાં ચંદ્રભાગાના પૂલની નજીક જમણે હાથે એક વૃક્ષ હતું. ત્યાં આવતાં મને લઘુશંકાની વૃત્તિ થઇ. લઘુશંકા પૂરી થઇ રહેતાં ઊઠવાનું થતાંવેંત પાસે પડેલા એક કાગળિયા પર મારી નજર પડી. અને તે હાથમાં લેતાં, તમે પાસે જ હતા એટલે તમને તે બતાવતાં તેમાંથી બે વીંટી નીકળી અને સાથે પાછું લખાણ પણ હતું કે આ તારા ઉપયોગને માટે છે.' આપણે બંનેએ બજારમાં સાથે જઇને તે વીંટીની રકમ બનારસ મોકલી દીધી. જીવતી જાગતી ભાવનાનો આ કેવો પ્રત્યક્ષ પૂરાવો છે!

સને ૧૯૩૮માં આ શરીર લોહીના ઝાડાથી પટકાયું. વાડીલાલ સારાભાઇ દવાખાનામાં દાખલ થયો. ત્યાં તે રોગ મટ્યો નહિ એટલે કરાંચી જવાનું બન્યું. ત્યાં યોગ્ય સારવાર ને યોગ્ય દવા થતાં તે મટી ગયો. પણ તે પછી શ્રી ઠક્કરબાપાના શરીરને ૭૦ વર્ષ પૂરાં થતાં તેને માટેના ફાળાને કાજે 'હરિજન બંધુ'માં ગાંધીજીએ લખેલ અગ્રલેખ વાંચ્યો. તે ૭૦,૦૦૦ નો ફાળો તદ્દન નજીવો, મામૂલી ગણાય અને ફાળો તો એકદમ ભરાઇ જવો જોઇએ એમ પણ ગાંધીજીએ લખ્યું હતું. મારે પણ તે ફાળામાં કંઇક ભરવું જોઇએ એવો આગ્રહ ત્યાંની એક બહેને ખાસ ખાસ કર્યો.

મારી પાસે તો આપવાનું કંઈ જ નહિ, ને બીજા કનેથી લઇને તેમાં હું પૈસા ભરું એવું તો ગમે નહિ. તે બહેન મને કહે 'જો તમે ખરા દિલથી ફાળામાં ભરવાનું ઇચ્છો તો તમને રકમ આભમાંથી પણ પડીને મળી આવે.

હવે એમ બન્યું કે બેસતા વરસના દિવસે બાપુની (પૂ. મોટાના વડીલની) સાથે તથા તે બે બહેનોની સાથે કરાંચીના માજી મેયર શ્રી આગલા સાહેબને ત્યાં તેમના

બંગલે અમે ગયાં. તેઓ ત્યારે નમાજ પઢી રહ્યા હતા એવી અમને ખબર મળી. એટલે અમે બહાર જરાક વાર મોટર ઊભી રાખી નીચે ઊતર્યાં ને અંદર દીવાનખાનામાં પેસવા જતાં પહેલાં મારી નજરે એક વીંટળાયેલો કાગળ રસ્તા ઉપર પડેલો જોવામાં આવ્યો. તે કાગળને ચીંધીને બહેનને મેં કહ્યું, ‘પેલું કશુંક પડ્યું છે! તે ઊંચકીને જોતાં તેમાંથી પાંચ રૂપિયાની નોટ નીકળી. ને તેમાં પણ ઉર્દૂ ભાષામાં લખાણ હતું, ‘તે રકમ તારે મનગમતી રીતે વાપરવા માટે છે.’ પ્રભુકૃપાથી આવી આભમાંથી પડેલી રકમ શ્રી ઠક્કરબાપાના ફાળામાં ભરી દીધી.

## સોનાની કંઠી મળી

એક દિવસ સાંજે અમે બધાં નદીકિનારે એક સાધુ મહારાજનાં દર્શને જતાં હતાં. તે વેળા મારી સાથે હસમુખભાઈ, અમદાવાદવાળા નાનુભાઈ ભટ્ટ તથા બીજા પણ કોઈક હતાં. નદીના કિનારાની અને સ્થળની લગભગ નજીક આવી પહોંચતાં એક ઠેકાણે ફાટેલા તૂટેલા લૂગડાની વાળેલી પોટલી જેવું મારી નજરે ચઢ્યું. મેં તે હાથમાં લઇને ખોલતાં તેમાંથી એક સોનાની કંઠી નીકળી. તેની સાથે પણ તામિલમાં લખાણ હતું. તે લખાણમાં પણ ‘તારા પોતાના ઉપયોગ માટે આ છે.’ એમ હતું. તે કંઠી શ્રી હસમુખભાઇએ બજારમાં વેચીને તેની રકમ મને આપી ને પ્રભુકૃપાથી તેનાથી મારી ભીડ ભાંગી.

## એરોપ્લેનમાં મુસાફરીનો હુકમ

એક વખત કરાંચીથી સાબરમતી આશ્રમમાં પાછો આવ્યો અને જુલાઇ, ઓગસ્ટ અને સપ્ટેમ્બરનો અડધો એક માસ ત્યાં ( સાબરમતીમાં ) રહેવાનું બન્યું હતું. પાછું મારે કરાંચી જવાનું હતું. ક્યારે જવું તે નક્કી થયેલું ન હતું. પરંતુ ઓચિંતું એક દિવસે ટપાલીએ આવીને મારા હાથમાં



રજીસ્ટર્ડ પાકીટ મૂક્યું, તો તેમાંથી રૂા. ૬૦) સાઠની નોટો નીકળી. અને ઉર્દૂ લિપીમાં જે લખ્યું હતું તે લખાણમાં એમ હતું કે ‘તારે તારા જન્મદિવસે જ કરાંચી જવું ને તે પણ ઊડીને જ જવું એવો હુકમ છે–’ ચાર સીટનું એક નાનકડું વિમાન ત્યારે જતું. તેમાં ટિકિટ મળવી બહુ મુશ્કેલ હતી. શરૂ શરૂમાં તો ટિકિટ નહિ મળી શકે એવું લાગ્યું. બે ત્રણ વાર તપાસ કરતાં ટિકિટ તો મળી અને તે દિવસે ‘હવાઇ જહાજ’માં બેસીને ‘પૈદાઈશ કે દિન’ મુસાફરી કરી.

સિંધિયા નેવિગેશન કું ના મેનેજર શ્રી પરસદભાઇની બે પુત્રીઓની સંભાળ લેવા બનારસ હિંદુ યુનિવર્સિટીમાં એક બંગલો ભાડે લઇને એ બે બહેનો સાથે મારે રહેવાનું બનેલું. સામાન્યપણે તો તેઓ ઘરેણા બહુ ઓછાં પહેરતાં. એક વખત તે બંને બહેનોએ બહાર ફરી આવીને તેમની પાસે જે કંઇ ઘરેણું હતું તે બધું મને આપી દીધું. ને મેં મૂર્ખાએ તે બધું મારા પહેરણના ગજવામાં મૂક્યું. થોડાક કલાક પછી એ બે બહેનોની સાથે અમારે વિશ્વનાથના પ્રખ્યાત મંદિરમાં દર્શને જવાનું થયું. ત્યાં અમે ધક્કામુક્કીમાંથી પસાર થઇ મંદિરના ગર્ભદ્વારે જઇ પ્રેમભાવે દર્શન કર્યાં અને ત્યાં એટલી તો મધુર ભાવે શરણાઇ વાગતી હતી કે તે સાંભળવા પણ રોકાયાં. તે પછીથી અમે અમારે મુકામે હિંદુ યુનિવર્સિટીમાં પાછા આવ્યાં.

બીજે દિવસે અમારે ગંગા નદીમાં નૌકા વિહાર અર્થે જવાનું હતું. એટલે બહેને મને કહ્યું કે, ‘તમારા કપડાં બદલો. બધાં કપડાં મેં બદલ્યાં અને પહેરેલા પહેરણનાં ગજવામાંથી જે તે બધું નવા પહેરણના ગજવામાં મૂકવા માટે જૂના પહેરણનાં ગજવાં ફંફોસવા માંડ્યાં, તે વેળાએ જ માલૂમ પડ્યું કે મારા પહેરણનું ગજવું કપાઇ ગયું છે ને

તેમાંથી પેલાં મૂકવા આપેલાં ઘરેણાં પણ ચોરાઈ ગયાં છે! મને તો એમ થયું કે 'મારે ભરોસે જે કંઇ મૂકયું તેની સહીસલામતી ને તેની જવાબદારીનું ભાન મને ત્યારે બહુ તીવ્રતમ પ્રગટેલું. બહેનને તે હકીકત જણાવતાં એણે તો તેને નજીવી જેવી ગણીને જરાકે મહત્ત્વ આપ્યું નહિ. તે તેને માટે તો ઘણું ઘણું ઉત્તમ ગણાય પરંતુ કોઇએ મારામાં મૂકેલી જવાબદારીને હું પ્રેમથી વફાદાર ન રહી શકયો, એનું મને દુ:ખ ને દર્દ હતું.

તે પછી તો અમે ગંગામાતાના પુનિત પ્રવાહમાં નૌકાવિહારને માટે ગયાં. નૌકામાં બહેનનાં એક સખીએ મુગ્ધ કરી દે એવા ભાવથી કેટલાંક ભજનો ગાયાં. ભજનો સાંભળતાં સાંભળતાં મને પણ દિલમાં ભાવાવેશ પ્રગટ્યો, અને મારી શરીરની સ્થિતિ બાહ્યભાન રહિત થઈ ગઇ.

પરંતુ એ સ્થિતિ પહેલાં, પેલાં ઘરેણાંને માટે 'કોણે ગજવું કાપ્યું હશે?' અને 'મારી જવાબદારી હું બરાબર રીતે અદા ન કરી શકયો,' તે દર્દનો વિચાર ઊડતો ઊડતો સ્ફૂરી ગયેલો ખરો. તેવા ભાવાવસ્થાના ધ્યાનના પ્રકારમાં ઊંડું જવાતાં જવાતાં ત્યાં જે એક દૃશ્યનો અનુભવ થયો તે તો અદ્ભુત ને રોમાંચકારી છે. વિશ્વનાથના મંદિરમાં કોણે કેવી રીતે ગજવું કાપ્યું, તે દૃશ્ય પણ આબેહૂબ દેખાયું. તે વેળાએ ધ્યાનની ધ્યાનસ્થ દશામાં પણ તે ચોરનાર જીવને મારાથી કહેવાઈ ગયું કે, 'અલ્યા! આ ઘરેણાં મારાં નથી, મને કોઇકે મૂકવા આપેલાં છે, અને હું તો ગરીબ માણસ છું ને હું ભરપાઇ કરી શકું તેમ નથી. આ મિલકત તારાથી જીરવી નહિ શકાય. તું મને પાછી સોંપી જા. મારું રહેઠાણ અમુક અમુક ઠેકાણે છે.' સવારે પરીક્ષાનો ટાઇમ હોવાથી અડધો પોણો કલાક હિંદુ યુનિવર્સિટીના અમુક સ્થળે હોઉં



છું ને રહેવાનું મકાન પણ અમુક સ્થળે છે, તે મેં તેને ધ્યાનસ્થ અવસ્થામાં જ વર્ણવી બતાવ્યું. એવી ધ્યાનસ્થ અવસ્થા આખાયે નૌકાવિહાર દરમ્યાન રહ્યા કરી હતી. નૌકા ઓવારાને સ્પર્શી ત્યારે જેમ તેમ કરીને મને ભાનમાં આણવાનું મોટી બહેન કરી શકી. તે પછી અમે પાછાં હિંદુ યુનિવર્સિટીના અમારા મકાનમાં ઘેર આવી ગયાં.

બીજે દિવસે યુનિવર્સિટીના જે મકાનમાં પરીક્ષા લેવાતી હતી, ત્યાં અમે ઉપરના માળે હતાં. મોટી બહેન તો તેના પરીક્ષા હોલમાં હતી અને હું તથા બહેનની એક સખી બહારના વરંડામાં ઊભાં હતાં. તે વેળા સામેથી એક માણસ હાંફતો હાંફતો દોડતો આવતો હતો અને મને બોલાવવાની નિશાની કર્યા કરતો હતો.

મારી સાથેની બહેને મારું લક્ષ તે પરત્વે દોર્યું. મને તે દોડી આવનાર ભાઇએ બૂમ પાડીને જણાવ્યું કે 'ભાઇસાહેબ! કૃપા કરીને નીચે ઊતરો.' હું નીચે ગયો અને તેને મળ્યો. તેણે મને કહ્યું કે 'આ તમારાં ઘરેણાં પાછાં લઇ લો. હું તો આખા શરીરે એટલો બધો દાઝી મરું છું કે મારાથી આ અગ્નિનો દાહ જીરવી શકાતો નથી. માટે કૃપા કરીને તે મટી જાય એવું કરો.

ઘરેણાં મળી જવાથી પ્રભુકૃપાનો કેવો ચમત્કાર બન્યો તે અનુભવીને મારું હૈયું તો ભાવથી ગદ્ગદ્ થઇ ગયું, એટલે તેના બોલવાનું તો મને કશું ભાન રહ્યું ન હતું. વળી પાછું પેલા માણસે કાલાવાલા કરી, કરગરી કરગરીને મને પગે પડીને કહ્યું, 'ભાઈસા'બ મારો આ પ્રચંડ દાહ મટાડી દો, મેં તેને કહ્યું, 'ભાઈ! આ તો મારા ભગવાનની કરામત છે. પણ તું કેવી રીતે પારખી શકયો કે આ ઘરેણાંનો માલિક હું પોતે છું? ત્યારે તેણે કહ્યું, 'ગઇ કાલની સમી સાંજ

પછીથી મને ઓચિંતો એવો આખા શરીરે પ્રચંડ દાહ પ્રગટેલો છે કે તે સહ્યો જતો નથી. આ આખા સમય દરમ્યાન મને તમારી આકૃતિ આબેહૂબ વારંવાર નજર સમક્ષ પ્રત્યક્ષ તર્યા કરતી, અને તમારા મકાનની જગ્યાને અને તમે સવારના કયાં હશો તે પણ હું દેખી શકયો.

રાતે ને રાતે આપવાની મારા શરીરમાં તે તે વેળા શક્તિ પણ ન હતી. અત્યારે પણ જેમ તેમ કરીને આવી શકયો છું. નીકળવાનું થયું ત્યારે તો ચાલી નહિ શકાય તેમ લાગતું હતું પણ પછીથી એમાં એટલી બધી ગતિ પ્રગટી કે દોડ્યા જ કરવાનું બન્યું છે અને એકી સાથે અહીં આવ્યો છું. માટે કૃપા કરીને તમે આ દાહ મટાડો.'

મેં પણ તેને અચાનક એમ કહ્યું, 'ભાઈ! તું હવે એક વ્રત લે કે : વિશ્વનાથના મંદિરમાં દર્શને આવનારનું ગજવું કાપીશ નહી.' એવું વ્રત જો તું પ્રામાણિકતાથી પાળવાનું વચન આપશે અને તે વચનનું પૂરેપૂરું પાલન કરશે, તો પ્રભુકૃપાથી તારા શરીરનો દાહ જરૂર મટી જશે.

કોઇ બિચારો મારા જેવો ગરીબ દર્શન કરવાને આવે અને તેનું ગજવું કપાઇ જાય, તો તેના કેવા હાલહવાલ થાય? માટે કૃપા કરીને મંદિરમાં કોઇનું પણ ગજવું કાપવું નહિ એવી અડગ ટેક લે.' તેથી તે બિચારાએ તેવું વ્રત મારી આગળ લીધું અને તે પાળવાનું વચન પણ મને આપ્યું. તેણે કહ્યું ભૂખમરાના પ્રસંગમાં પણ, મંદિરમાં કોઇનું પણ ગજવું કાપીશ કરીશ નહિ. મને તેના કથન પર વિશ્વાસ પણ પ્રગટ્યો અને તેમાં તેની સચ્ચાઈ પણ લાગી. મેં પણ પ્રભુને તેનો દાહ મટાડી દેવાને માટે સાચા દિલથી પ્રાર્થના કરી અને થોડીક વારમાં તેના શરીરનો દાહ મટી ગયેલો પણ તેણે પોતે અનુભવ્યો અને તે માણસ મને પગે લાગીને રસ્તે પડ્યો. (સંપૂર્ણ)



(પાના ૧૩ નું અનુસંધાન)

નિર્વાણ તિથિએ તેમને જેટલી અંજલિઓ આપીએ તેટલી ઓછી છે. એ મહાપુરુષ પોતાની અનુભૂતિઓનો જે ભરપૂર ખજાનો આપણે માટે મૂકતા ગયા છે તેનો વધુમાં વધુ લાભ લઇ આપણે સાચા અર્થમાં માનવ બનીએ એ જ એમને સાચી અને શ્રેષ્ઠ અંજલિ આપવા બરાબર છે.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ પૂજ્ય શ્રીના જીવનસંદેશ અને કાર્યને આગળ ધપાવવામાં ઘણું મોટું પ્રદાન કર્યું છે. તેમના તપ અને સાધના દ્વારા તેઓએ પૂજ્યશ્રીની ઇચ્છા પ્રમાણેના માર્ગોએ અનેક જીવોને વ્યસનમુક્ત કરી ઈશ્વરના પંથે વાળ્યા છે. અમે માનીએ છીએ કે પૂજ્યશ્રીની ઇચ્છા અનુસાર જ પૂજ્ય મા આ કાર્ય કરી રહ્યાં છે એટલે એ બંને સંતોને અમે વંદન કરીએ છીએ.

અભિમાન કરજ કરવા માગતું નથી, ઘમંડ એ ચુકવવા ઇચ્છતું નથી.

IS:10001

ઓ. ૨૫૬૬૮
ફે. ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. ૪૬૪૭૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨

# સંત પરિચય

લેખકઃ–પંડિત જગન્નાથ પ્રભાશંકર

## પૂજ્યપાદ મુગટરામ મહારાજ

ભારત સંત–મહાત્માઓનો દેશ છે. જુદે જુદે સમયે જુદા જુદા પ્રદેશોમાં સંતોએ અવતાર ધારણ કરીને માનવ જાતિનું પરમ કલ્યાણ કર્યું છે. સંતો દયાના સાગર હોય છે, કરુણાના અવતાર હોય છે તેથી તેઓ પોતાની કૃપાનો વરસાદ સર્વત્ર વરસાવે છે. ભારતનું સદ્ભાગ્ય છે કે પ્રત્યેક સદીમાં પ્રત્યેક પ્રદેશમાં અનેક સંત–મહાત્માઓનો પ્રાદુર્ભાવ થતો રહ્યો છે.

સત્પુરુષોનું પૃથ્વી પરનું અવતરણ બહુજન હિતાય બહુજન સુખાય ( ઘણા લોકોના હિત અને સુખ માટે ) હોય છે. ગોસ્વામી તુલસીદાસજી કહે છે :

સંત–ઉદય સતત્ હિતકારી,
વિશ્વ સુખદ જિમિ ઈન્દુ તમારિ.

ચંદ્રોદય થતાં જેમ અંધકાર દૂર થાય છે અને સર્વત્ર શીતળતા અને પ્રસન્નતા ફેલાય છે તેમ જગતમાં સંતોનું પ્રાકટ્ય પણ વિશ્વને સતત સુખ આપનાર છે.

જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે ત્યારે આવા મહાપુરુષો ધર્મની સંસ્થાપના તથા ભાવિક જનોના ઉદ્ધાર માટે પ્રાદુર્ભાવ પામે છે.

મનુષ્યો જેને 'ધર્માવતાર' કહે છે તેવા સંતો, યોગીઓ ધર્મની રક્ષા માટે અવતાર લઈ પ્રાદુર્ભાવ પામે છે. તે બધા ભગવાન રામ–કૃષ્ણાદિના અંશાવતારો જ હોય છે. જેઓ



ધર્મસંસ્થાપન અને લોકકલ્યાણ માટે મનુષ્યદેહ ધારણ કરે છે.

ગુજરાતી ધરતીને પાવન કરનાર આવાં બે સંતોનો ઉલ્લેખ કરવો અત્રે યથાયોગ્ય લેખાશે. તેમાંના એક છે પૂજ્યપાદ મુગટરામ મહારાજ અને બીજા સ્વામી શ્રી તેજાનંદ મહારાજ.

સમર્થ સદ્ગુરુ મુગટરામ મહારાજનો જન્મ સંવત ૧૯૩૦ ના વૈશાખ સુદ પાંચમના પવિત્ર દિવસે થયો હતો. પિતાશ્રી આદિતરામ વ્યાસ અને માતાનું નામ દિવાળી બા. બાળપણથી જ મુગટરામજી પોતાના નાના એટલે કે દિવાળી બાના પિતા સદ્ગુરુ દાજીરામ મહારાજને ત્યાં રહેતા હતા. 'પુત્રનાં લક્ષણ પારણામાંથી' એ ન્યાયે તેઓએ બાળપણથી જ ઘણી દિવ્ય લીલાઓ કહેલી. તેઓશ્રી કહેતા, 'મારા ગુરુની કૃપાથી હું ત્રણ વરસની ઉંમરથી જ સમાધિમાં બેસતો.' દાજીરામ મહારાજની આ બાળક પર બહુ જ કૃપા ઉતરી હતી. તેઓ નાનપણથી ત્રિકાળ સંધ્યા કરતા, સૂર્યને અર્ઘ્ય આપતા અને ગાયત્રીના જપ નિયમિત કરતા.

## ભાણો બધું કાર્ય કરશે

મોટા મહારાજનો શિષ્યભાવ મુગટરામજી પર હતો. શિષ્યની ગુરુભક્તિ પણ એવી જ હતી. તેઓશ્રી બાળપણથી જ મોટા મહારાજની સંનિધિમાં રહેતા તેથી પોતાની દિવ્ય શક્તિથી મહારાજશ્રીએ મુગટરામજીને પોતાના આધ્યાત્મિક ઉત્તરાધિકારી તરીકે પસંદ કરી લીધા હતા.

ગુરુણા બોધિતઃ શિષ્યઃ શબ્દબ્રહ્માતિ વર્તતે ।

જો ગુરુથી શિષ્ય પ્રબુદ્ધ થાય તો તે શબ્દબ્રહ્મનું પણ ઉલ્લંઘન કરી જાય છે. અને તેને વેદ જાણવાની પણ જરૂર નથી. જેને સદ્ગુરુ મળ્યા તેને બધું મળ્યું કારણકે સર્વ દેવોનો વાસ ગુરુમાં છે.

સર્વદેવમયો ગુરુઃ ।

બાળક મુગટરામની પૂજ્યપાદ દાજીરામ મહારાજ પર અનન્ય ભક્તિ હતી, શ્રદ્ધા હતી. તેમનો શિષ્યભાવ અદ્‌ભુત, આજ્ઞાધીનતા અજોડ!

એકવાર મહારાજશ્રીએ ભાણાને પાણી વાળવા ખેતરમાં મોકલ્યો. પાણી વહી જતું અટકાવવા પોતે સૂઇ ગયા અને પાણીને રોકયું. કલાકો વીત્યા બાદ પણ ઘેર ન આવ્યા ત્યારે મોટા મહારાજ જાતે ખેતરે આવે છે. જુએ છે તો ભાણો પાણીની વચ્ચે પડ્યો છે! આવી અસાધરણ આજ્ઞાધીનતા જોઈ, સેવા જોઇ મહારાજ બોલ્યા, "ભાણો મારું બધું કાર્ય કરશે. મોટા મોટા લોકો તેના ચરણમાં પડશે!"

ત્યાર પછી મોટા મહારાજે મુગટરામજીને નવગ્રહ તથા હનુમાનજીની ઉપાસના કરાવેલી. ત્યાર પછી તેઓશ્રીએ બીજા દેવોને ઉપાસના દ્વારા પ્રસન્ન કરેલા. પૂજ્યપાદ મુગટરામ મહારાજ શિષ્યોને કહેતા કે દેવોની કૃપા પ્રાપ્ત કરવી પડે છે. તે પછી તેઓ પ્રસન્ન થાય છે. આપણી પ્રાર્થના સાંભળે છે. 'ગણેશ, લક્ષ્મીજી, ભગવાન વિષ્ણુ, સૂર્ય, વરુણ, અગ્નિ, અન્નપૂર્ણા આદિ અનેક દેવદેવીઓની મેં ઉપાસના કરેલી તેથી દરેક પ્રસંગે તેઓ મને સાહાય્ય કરે છે. લક્ષ્મીજીની મારા પર મોટી કૃપા છે...જુઓ, મારે ત્યાં જાણે પૈસાનો વરસાદ વરસે છે!'

બીજે એક પ્રસંગે તેઓએશ્રી કહેલું, 'જુઓ, હું તો માંડ બે ચોપડી ભણ્યો છું. મને કોઈ દશ રૂપિયાની નોકરી પણ આપે નહિ છતાં ભગવાનની કૃપાથી, મારા ગુરુની કૃપાથી બધું ચાલે છે.



તેમનો ગુરુ ભાવ અદ્‌ભુત હતો. ગુરુ એટલે ઈશ્વર, અનંતબ્રહ્માંડના અધિપતિ, સગુણરૂપે નિર્ગુણ બ્રહ્મ, આવો પોતાનો ગુરુના વિષે મહાન ભાવ હતો. ગુરુ પોતાની સમીપમાં સમીપ હોય, અને જરા પણ છેટે નથી, એમ પોતે વર્તતા. તેમના જીવનની દરેક ક્રિયામાં ગુરુ જ પ્રધાન હતા. તેમના મુખમાં અને હૃદયમાં 'ગુરુ ગુરુ' નામ અખંડ રમી રહેતું. કોઇ કોઇ વખત તો "ઓ ગુરુ" કરીને મોટી બૂમ પાડતા. કોઇ પ્રસંગે ગુરુ મહારાજ તમે કયાં ગયા, એમ મોટેથી બોલતા. પોતે તો જાણે કંઇ નથી, અને સર્વ ગુરુ મહારાજની સત્તા કરે છે, એવો ભાવ હંમેશાં પોતે રાખતા. બધો પ્રતાપ ગુરુદેવનો જ છે, એમ પોતે કહેતા. પોતે કહેતા કે શું મારા ગુરુનો પ્રતાપ! જે ધારું છું તે સિદ્ધ થાય છે. વિચાર કરવો જોઇએ. વિચાર કર્યો કે તે વસ્તુ આવીને હાજર થઇ જ સમજવી.

એક વખતે પોતે કહેલું, કે "મેં એક દિવસે રસોડામાં હુકમ કરી દીધો કે તમારે રોજ ગુરુ મહારાજને ગમે તે મિષ્ટાન્ન ધરાવવું. તે પછીથી ઘીના ડબાને ડબા ચાલ્યા આવે અને કોઇ દિવસ અડચણ પડે નહિ. શો મારા ગુરુનો મહિમા. ગુરુ સાથે પોતે સાક્ષાત્ વાર્તા કરતા હોય તેમ અનેક પ્રસંગે તે દર્શાવતા. પ્રસંગે મતભેદ પડે તો ઊભા રહો મારા ગુરુ મહારાજને પૂછવા દો તે શું કહે છે તે પ્રમાણે થશે, એમ કહીને જરા નેત્ર મીંચી ગુરુની શી આજ્ઞા છે તે તરત જાણી લેતા અને જણાવતા. ટૂંકમાં તેમનું સમગ્ર જીવન ગુરુમય હતું. તેમનું રોમ રોમ 'ગુરુ' નામ પોકારતું.

મંજુસર ગામના અને આજુબાજુના ગામડાંના તમામ લોકો, બ્રાહ્મણ, વાણિયા, પાટીદાર, કોળી વગેરે સર્વ,

મુગટરામ મહારાજને ભગવાન તરીકે માને છે અને પગે લાગે છે. આડોશીઓ પાડોશીઓ નિત્ય સ્નાન કરીને સવારમાં તેમનાં દર્શન કરવા આવે છે. એકલા હિંદુ જ નહિ મુસલમાનો પણ તેમને ખુદા તરીકે માને છે.

તેઓશ્રી સર્વજ્ઞ હતા એ વાતનો અનુભવ તેમના પરિચયમાં આવેલા તમામ મનુષ્યોને થયો છે. જે કોઇ તેમને મળવા આવતા તે કયાંથી આવ્યા છે, શા માટે આવ્યા છે, તેમને શું પૂછવું છે, રસ્તામાં તેમને કેવો અનુભવ થયો છે, તેમને જો કાંઈ દુઃખ હોય તો કયા કારણથી છે, અને તે દૂર થઇ શકશે કે કેમ, એ સર્વ તે સહજ એક આંખના પલકારામાં જાણી લેતા.

અમુકના પ્રારબ્ધમાં શું છે, અમુકનું ભાવિ શું છે, અમુક ગયા જન્મમાં કોણ હતો, ભાવિમાં તેનો કયાં કેવો જન્મ થનાર છે, વગેરે વાર્તા તેઓ સહજ જાણી જતા. અમુકના મૃત સંબંધીઓ કયા લોકમાં કઇ સ્થિતિમાં છે, તે તેઓ સહજ જાણી જતા. આખા બ્રહ્માંડમાંથી લોક લોકાંતરની કોઇ પણ વાર્તા તેમને પૂછતાં જણાવવા જેવું ઘટે તો તે સહજ જણાવતા. વિલાયત, અમેરિકાના કોઈ પણ ભાગનું વર્ણન સહજ કહી બતાવતા. (ક્રમશઃ)

### * ટેલિફોન નંબર બદલાયો છે *

અધ્યાત્મનો ભાવનગરનો ટેલિફોન નંબર બદલાયો છે. નવો ૨૫૮૧૧ નંબર થયો છે જેને નોંધી લેવા વિનંતી છે.



## રામકથા

(ગતાંકથી ચાલુ)

**શ્રી યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

એ વખતે ઈન્દ્રનો પુત્ર જયંત એ વનમાં વિહાર કરતો આવી પહોંચ્યો. સીતાના સુંદર સ્વરૂપને દૂરથી દેખીને એ મોહિત થયો અને ભાન ભૂલ્યો.

સીતાને ખબર ના પડે એવી રીતે એણે પહેલાં તો એના ત્રિભુવન સુંદર વિશ્વવિમોહન રૂપનું રસપાન કર્યા કર્યું અને પછી એની આગળ પ્રગટ થઇને પૂછ્યું : 'સુંદરી તું કોણ છે? તું શું આ વનની દેવી, સંસારની સ્વામિની કે કોઈ અપ્સરા છે?

સીતાએ શાંતિપૂર્વક ઉત્તર આપ્યો : 'ના, હું કોઈ અપ્સરા નથી, દેવી નથી કે સંસારની સ્વામિનીયે નથી. હું અયોધ્યાના પતિ મહારાજા દશરથની પુત્રવધૂ છું. આ મારા સ્વામી રામ છે. પિતાના આદેશાનુસાર એ વનમાં આવ્યા છે અને હું પણ એમની સેવા કરવા માટે એમની સાથે થઇ છું.

'તારી હકીકત સાંભળીને મને ઘણું દુઃખ થાય છે,' જયંત બોલ્યો : 'આવા પતિનો ત્યાગ કરવાનો હોય કે એમની સાથે વનમાં જવાનું કે રહેવાનું હોય? તારા જેવી સુંદરીને માટે વનનો વાસ બરાબર નથી. તારે માટે તો સ્વર્ગલોક જ બરાબર છે. હું સ્વર્ગના અધિપતિ ઈન્દ્રનો સુપુત્ર જયંત છું. તારા સૌન્દર્યને જોઇને મોહિત થઇને તારી પાસે આવી પહોંચ્યો છું. તું ધારે તો તને આકાશમાર્ગે સ્વર્ગલોકમાં લઈ જઈ શકું તથા તને મારી પટરાણી બનાવું. સ્વર્ગલોકમાં એકેકથી સુંદર અને ચઢિયાતી અપ્સરાઓ છે, દેવાંગનાઓ પણ છે, પરંતુ તારાથી સુંદર કોઈ જ નથી. તારી સુંદરતા તો અલૌકિક છે. મારી સાથે જો સ્વર્ગમાં આવે તો તું સ્વર્ગના શણગારરૂપ બની શકે.'

'સ્વર્ગ જેવા સુંદર લોકમાં વસીને અને ઈન્દ્રનો પુત્ર થઇને પણ તારું મન મલિન જ રહ્યું છે, જયંત! તું તારી જાતને ઈન્દ્રના સુપુત્ર તરીકે ઓળખાવે છે પરંતુ તારી મનોવૃત્તિ જોતાં તું ઈન્દ્રનો સુપુત્ર નથી પણ કુપુત્ર છે એ વાતનો સંશય નથી રહેતો. તારી ઇચ્છા કદી પણ પૂરી નહિ થઈ શકે તેમ એ વાતમાં વિશ્વાસ રાખજે. રામના પ્રતાપની તને ખબર નથી. નહિ તો તું એમની હાજરીમાં મારી પાસે આવીને આવો વ્યર્થ બકવાદ ના કરત. એ અત્યારે ઊંઘમાં છે ત્યાં સુધીમાં વિદાય થઇ જા. એ જો જાગી જશે તો તને દંડ દીધા વિના નહિ રહે, અને સંભવ છે કે તું જીવતો પાછો નહિ જઈ શકે.'

'જેમની અંદર એટલું બધું પાણી છે અને જેમના પ્રતાપની તું આવી પેટ ભરીને પ્રશંસા કરે છે એ રામ ખરેખર એટલા બધા બહાદુર હતા તો પછી આમ નિર્માલ્યની પેઠે વનમાં શા માટે આવ્યા? એમણે પોતાના બાહુબળનું પ્રદર્શન કરીને રાજ્યને હાથ કેમ ના કરી લીધું? મને એમની જરાયે બીક નથી લાગતી. આવા નિર્બળ ને કંગાળ પુરુષની પાસે રહીને તું તારા યૌવનના કોડીલા કામણગારા કાળને વ્યર્થ વિતાવી રહી છે. એના કરતાં મારી પાસે આવી જા તો તારું બધું દુઃખ દૂર થઇ થશે!

સીતાએ છંછેડાઇને કહ્યું: મને કોઈ જ દુઃખ નથી સતાવતું, પછી એને દૂર કરવાનો પ્રશ્ન જ ક્યાં છે? રામ પિતાના વચનને પાળવા વનમાં આવ્યા છે. રાજ્યના ભોગો એમને મોહિત નથી કરી શક્યા. એ નિર્માલ્ય હોત તો આવો મોટો ત્યાગ ના કરી શકત.'

જયંતે મંદ સ્વરે પૂછ્યું: 'તું જરાક વિચાર તો કર કે રામ તને શું સુખ આપી રહ્યા છે?'

(ક્રમશઃ)

Statement about the ownership and other particulars about magazine '**ADHYATMA**' monthly to be published in the issue every year after the last day of February.

**Form–IV ( See Rule-8 )**

| | |
|---|---|
| 1. Place of Publication : | 'PARAMDHAM.' plot No. 1688 B, Sardar nagar, Bhavnagar-1 |
| 2. Periodicity of its publication : | Monthly. |
| 3. Printer's name, Nationality and address : | Narayan H. Jani, Indian. Plot No. 1688–B Sardarnagar, Bhavnagar. |
| 4. Publisher's name, Nationality and address : | Same as above. |
| 5. Editor's name, Nationality and address : | Same as above. |
| 6. Name and addresses of individual who own the magazine and Partners, share-holders holding more than one percent of the total capital. | The magazine is owned by pujya Shri Yogeshwarjee, Sarva Mangal Charitable Trust, Naranpura, Ahmedabad-13 |

I, Shri Narayan H. Jani, hereby declare that the particulars given above are true to the best of my Knowledge and belief.

Dated. 10 th, March 1989

Narayan H. Jani
Publisher.

## * પ્રમાદ અને સાત્ત્વિકતા *

પ્રમાદ એ આધ્યાત્મિક જીવનમાં ખૂબ મોટો અવગુણ છે. ધીરજ ને સતત નિયમપૂર્વકનું સાધનામય જીવન એ બંનેની ખૂબ જરૂર છે. એક દિવસમાં ફળ ન મળે ને મળવા માંડે ત્યારે રાખવાની માગ પણ ન રહે એવી વાત આ માર્ગની છે. માટે હંમેશાં આશા સાથે નિયમપૂર્વક થોડુંક પણ કરતા રહેવું.

અનેક જન્મોનું પુણ્ય હોય તો જ આ માર્ગે પગલાં ભરવાની વૃત્તિ થઈ શકે છે. આજકાલ જડવાદનો સમય છે. કમનસીબી એ છે કે જે ભારત યોગ તથા આધ્યાત્મિકતા માટે ગુરૂરૂપ હતું તે જ ભારત આજે ત્રિશંકુની દશામાં છે.

જે મહાત્માઓએ આ જીવન દ્વારા અનંત શક્તિ પ્રાપ્ત કરી તે ચૈતન્ય પ્રભુ, રામકૃષ્ણદેવ, સ્વામીશ્રી વિશુદ્ધાનંદ, ગોરખ ને મત્સ્યેન્દ્રનાથ, નરસિંહ, મીરા વગેરેનો વિચાર કરવામાં આવે તો સંસારી માણસોની કેટલી શક્તિ વ્યર્થ જાય છે ને સત્તા, ધન તથા સૌંદર્યને નામે કેટલો કીમતી સમય વ્યતીત થાય છે તે તરત સમજવામાં આવે.

જીવનને સદ્‌ગુણી ને સાત્વિક બનાવવાથી જ શાંતિ મળે છે. સદ્‌ગુણ ને સાત્વિકતા ઉત્તમ જીવનનો જરૂરી પાયો છે તે પાયા પ્રત્યે દુર્લક્ષ કરવાથી કોઈ પણ માણસ મહાન કહેવાતો હોય તો પણ તેને સાચા અર્થમાં મહાન કહી શકાય નહિ. મહાન બનવા માટે માનવતાની ખીલવણી જરૂરી છે.

માણસ કેવળ ધનથી, સંપત્તિથી, સત્તા વિદ્યા અને સુંદરતાથી તથા તપથી પણ મહાન બની શકતો નથી. તે બધી કે તેમાંની એકાદ વસ્તુ હોવા છતાં પણ જો તે સાચા અર્થમાં માનવ ના બને તો તેને મહાન કહી શકાય નહિ.

—શ્રી યોગેશ્વરજી